Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૩ મું. ] ફાલ્ગુન. સંવત ૧૯૭૪. વીર સંવત ૨૪૪૪. [ અંક ૧૨ મો.

## वैराग्योत्पादक पद्य.

( રાગ—આશાવરી. )

કહા કરૂં મંદિર કહા કરૂં દમરા,[1] ન જાનું કહાં ઉડ બેઠેગા ભમરા;[2]
જોરી જોરી ગયે છોરી દુમાલા, ઉડ ગયે પંખી પડ રહે માલા. કહા કરૂં૦ ૧

પવનકી ગઠરી કેસે ઠહરાઉ, ઘર ન બસત આય બેઠે બટાઉ;[3]
[4]અગની બુઝાની કાહેકી ઝારા, [5]દીપ છીપે તબ કેસે ઉજારા. કહા કરૂં૦ ૨

[6]ચિત્રકે તરૂવર કબહુ ન મોરે, [7]મટ્ટીકા ઘોરા કેતેક દોરે;
કુંઅકે ડેરી [8]તૂરકા થંભા, ઉહાં બેસે હંસા દેખો અચંભા. કહા કરૂં૦ ૩

ફિરિ ફિરી આવત જાત ઉસાસા, [9]સાંપરે તારેકા કેસા બિસાસા;
યા દુનિયાકી જૂઠી હે યારી, જેસી બનાઈ બાજીગર બારી. કહા કરૂં૦ ૪

પરમાતમ અવિચલ અવિનાસી, સો હે શુદ્ધ પરમ પદ વાસી;
વિનય કહે વે સાહિબ મેરા, ફિર ન કરૂં આ દુનિયામેં ફેરા. કહા કરૂં૦ ૫

---

૧ દ્રવ્ય—પૈસા. ૨ આત્મારૂપી પંખી. ૩ વટેમાર્ગુ આવી બેઠે કંઇ ઘર વસે નહિ. ૪ અગ્નિ ઠરી ગયા પછી જ્વાળા શાની? ૫ દીવો બુઝાઈ ગયા પછી અજવાળું શાનું? ૬ ચિત્રેલું ઝાડ શી રીતે ફુલે-ફળે? ૭ માટીનો ઘોડો કેટલાક સુધી દોડે? ૮ આક (થોર)નો થાંભલો. ૯ લીસું પડી ગયેલું તાળું, તેનો શો વિશ્વાસ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨)

જબ જિનરાજ કૃપા કરે, તવ શિવ સુખ પાવે;
અખય અનોપમ સંપદા, નવનિધિ ઘરે આવે. જબ૦ ૧

એસી વસ્તુ ન જગતમેં, દિલ શાતા આવે;
સુરતરૂ[1] રવિ શશી[2] પ્રમુખ જે, જિન તેજે છિપાવે. જબ૦ ૨

જનમ જરા મરણતણાં, દુઃખ દૂર ગમાવે;
મનવનમાં જિન ધ્યાનનો, જલધર[3] વરસાવે. જબ૦ ૩

ચિન્તામણિ રયણું[4] કરી, કોઈ કાગ ઉડાવે;
તેમ મૂરખ જિન છોડીને, ઓરનકું ધ્યાવે. જબ૦ ૪

ઇલિકા[5] ભમરી સંગથી, ભમરી પદ પાવે;
જ્ઞાનવિમળ પ્રભુ ધ્યાનથી, જિન ઉપમા આવે. જબ૦ ૫

## શ્રીમદ્ યશોવિજયજી કૃત શુદ્ધ મુનિરાજ સ્વરૂપ.

ધર્મકે વિલાસ વાસ જ્ઞાનકે મહા પ્રકાસ, દાસ ભગવંતકે ઉદાસ ભાવ લગે હે;
સમતા નદી તરંગ અંગહી ઉમંગ ચંગ, મજ્જન પ્રસંગ રંગ અંગ જગમગે હે. ૧

કર્મકે સંગ્રામ ઘોર લરે મહા મોહ ચોર, જોર તાકો તોરવેકું સાવધાન જગે હે;
શીલકો ધરી સન્નાહ[1] ધનુષ મહા ઉત્સાહ, જ્ઞાનવાનકે પ્રવાહ સબ વેરી ભગે હે. ૨

આયો હે પ્રથમ સેન કામકો ગયો હે રેન, હરિ હર બ્રહ્મ જેણે એકસેને ઠગે હે;
ક્રોધ માન માયા લોભ સુભટ મહા અખોભ,[2] હારે સોય છોરે થોભ મુખ દેઇ ભગે[3] હે. ૩

નોકષાય ભયે ખીન[4] પાપકો પ્રતાપ હીન, ઉદ્ભટ ભયે દીન તાકે પગ ડગે હે;
કોઉ નહિ રહે ઠાડે કર્મ મીસે તે ગાઢે, ચરનકે જિહાં કાઢે કરવાલ[5] નગે હે. ૪

જગજય ભયો પ્રતાપ તપત અધિક તાપ, તાતે નાહિ રહી ચાપ અરિ તગતગે હે;
સુજસ નિસાન સાજ વિજય વધાઈ લાજ, એસે મુનિરાજ (કે) હમ પાય લગે હે. ૫

---

૧ કલ્પવૃક્ષ. ૨ ચંદ્રમા. ૩ મેઘ—વરસાદ. ૪ રત્નવડે કોઇ કાગડાને ઉડાડે. ૫ ઇળ જેમ ભમરીના સંગથી ભમરી રૂપ પામે છે તેમ.

૧ બખતર. ૨ દુર્દાંત. ૩ પલાયન કરી ગયા. ૪ ક્ષીણ. ૫ તલવાર મ્યાન બહાર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મોક્ષનો સાચો સરલ માર્ગ, विशुद्ध प्रेम—भक्ति.

૧ સ્વઆત્મા સમાન સર્વને લેખો. કોઇને પ્રતિકૂળતા ઉપજે એવું કદાપિ મનથી વચનથી કે કાયાથી નહિ કરો.

૨ સહુ સુખના અર્થી છે. ખરૂં સુખ મોક્ષમાં છે. શુદ્ધ દેવ ગુરૂની ભક્તિથી તે સહેજે મળી શકે છે.

૩ ખરા દિલની ભક્તિ એ કલ્પવેલી જેવી સુખદાયી છે. ભાવ વગરની ભક્તિ કશા લેખાની નથી.

૪ વિધિ સહીત અનુકૂળ ભક્તિવડે આત્મકલ્યાણ સાધી શકાય છે, તેમાં અવિધિ દોષ. અવશ્ય તજવા જોઇએ.

૫ ભક્તિમાંજ એક ચિત્ત રાખી તુચ્છ ફળની ઇચ્છા તજી નાગકેતુની પેઠે સર્વોત્તમ ગુણ પ્રાપ્ત કરવાની જરૂર છે.

૬ મુનિજનોને ભાવપૂજા અને મલીનારંભી ગૃહસ્થોને દ્રવ્યપૂજા મુખ્યપણે કરવાની છે.

૭ રોગીને ઔષધની જેમ દ્રવ્યપૂજા મલીનારંભી ગૃહસ્થોને હિતકારીજ છે. મુનિજનોને તેની જરૂર નથી.

૮ કૃતકૃત્ય થયેલા પ્રભુની ખાતર પૂજા કરવાની નથી, પણ પ્રભુ સમાન થવા માટે પ્રભુની પૂજા કરવાની છે.

૯ એક દીવો પોતાની જેવા અનેક દીવા પ્રગટાવી શકે છે અને તેથી તેના પોતાનામાં કશી ખામી કે ન્યૂનતા આવતી નથી.

૧૦ નામ સ્થાપના દ્રવ્ય અને ભાવવડે જિનેશ્વરો સર્વ દેશ કાળમાં ત્રિભુવનને પાવન કરે છે. તેમનાં નામાદિ સઘળાં પવિત્રજ છે.

૧૧ જેમનો ભાવ પવિત્ર વર્તે છે તેમનાં નામાદિ સઘળાં પવિત્રજ સમજવાં.

૧૨ દ્રવ્યપૂજા, ભાવપૂજા નિમિત્તે કરવાની છે. દ્રવ્યપૂજા માત્ર કરીને અટકી જવાનું નથી, પણ વીતરાગની સ્તુતિ પ્રાર્થના કરી આગળ વધી પ્રભુનો ઉપદિશેલો માર્ગ આદરી વિતરાગ દશા પ્રાપ્ત કરવા પ્રબળ પુરૂષાર્થ ફોરવવાનો છે.

૧૩ મિથ્યાત્વ, વિષય, કષાય, આળસ અને વિકથાદિક પ્રમાદ દોષને તો જરૂર તજવા જોઇએ.

૧૪ શમ, સંતોષ અને સમ્યક્ત્વાદિક સદ્ગુણોનો અવશ્ય આદર કરવો જોઇએ, અને સુશીલ બની જવું જોઇએ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૫ એળ ભમરીના દૃષ્ટાન્તે શુદ્ધ દેવ ગુરૂના ગુણમાં તન્મયતા લગાવી, વિષય-વાસના વિસારીજ દેવી જોઇએ.

૧૬ ભક્તિ એ મુક્તિને ખેંચી લાવે છે. એ વાતને સાચી કરવા શુદ્ધ દેવ ગુરૂ પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમ લગાડવો જોઇએ.

૧૭ 'સવી જીવ કરૂં શાસન રસી' એવી ઉત્તમ ભાવનાયુક્ત પ્રબળ વીર્યો-લ્લાસવડે સકળ સ્વાર્થ ત્યાગી શાસન પ્રભાવના કરવી જોઇએ. તીર્થંકરો પણ પૂર્વે ભવમાં એજ માર્ગે પ્રવર્તી, એક ભવના અંતરે પરમ પવિત્ર એવી તીર્થંકર પદવી પ્રાપ્ત કરે છે. **સન્મિત્ર કર્પૂરવિજયજી.**

## પ્રભુ પૂજા-ભક્તિ પ્રસંગે સાચવવા યોગ્ય સાત શુદ્ધિ સંબંધી લક્ષ રાખવાની જરૂર.

**અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર;**
**ન્યાયદ્રવ્ય વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.**

૧ અંગ શુદ્ધિ-પરમ ઉપકારી વીતરાગ પ્રભુનાં તેમજ તેમનાં પવિત્ર માર્ગે ચાલનારા નિગ્રંથ મુનિજનોનાં દર્શન, વંદન પૂજનાદિ કરનારા ભાઇબ્હેનોએ શરીરની અશુચિ ટાળી પ્રથમથીજ શુચિ-પવિત્ર થવું જોઇએ.

૨ અંગની અશુચિ ટાળી સ્વચ્છ ધોયેલાં શુભ માંગળિક પવિત્ર વસ્ત્ર અલં-કાર સજી, ભાઇ બહેનોએ દેવદર્શનાદિકે સંચરવું જોઇએ અને મલીન વસ્તુનો સ્પર્શ ન થાય તેમ જયણા સહિત માર્ગે ચાલવું જોઇએ.

૩ બીજા કોઇપણ સ્થળે મનને જવા નહિ દેતા તેને સંકેલી એકાગ્ર કરી દેવ ગુરૂ જુહારવા જોઇએ.

૪ સુદેવ ગુરૂનાં દર્શન વંદન પૂજન કરવાનું કે વ્યાખ્યાન-ઉપદેશ સાંભળવાનું સ્થળ સ્વચ્છ નિર્જીવ અને નિરાકુળ રહે તેવો પ્રબંધ બનતી ચીવટથી જાતે કરવો અથવા જયણાથી બીજા પાસે કરાવવો જોઇએ.

૫ દેવ ગુરૂની સેવા ભક્તિ કરવાનાં જે જે સાધન-ઉપગરણ હોય તે તે સર્વે સારાં સુંદર અને મનની પ્રસન્નતા ઉપજાવે એવાં સ્વચ્છ રાખવાં જોઇએ. અને તેનો બરાબર જ્યાં જોઇએ ત્યાં જયણાથી ઉપયોગ કરવો જોઇએ, તેમ અન્ય અણજાણને પણ ધીમે રહી તેમ કરવા સમજાવવા જોઇએ.

૬ શુદ્ધ દેવગુરૂની ભક્તિ પ્રસંગે વાપરવા યોગ્ય વસ્તુઓ ન્યાયદ્રવ્યથી ઉપા ર્જન કરેલી નિર્દોષ હોવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ દેવ ગુરૂ સંઘ સાધર્મી કે તીર્થ સેવા કરવાનો જે વિધિ ( વિનય, બહુમાન ગુણસ્તુતિ અનાશાતનાદિક ) શાસ્ત્રકારે ફરમાવેલ છે તે બરાબર લક્ષમાં રાખી શાસ્ત્રમર્યાદા પાળવા ઉજમાળ થવું જોઇએ. તેમ કરતાં શક્તિનું ઉલ્લંઘન કરવું નહિ, તેમ છતી શક્તિ ગોપવવી પણ નહિ. જે શુભ કરણી જે શુભ કે શુદ્ધ આશયથી કરવાની છે તે તેમ કરી સ્વહિતમાં વધારો કરવો એજ સુજ્ઞ ભાઇ બહેનોને ઉચિત છે.

મુ. ક. વિ.

---

## ' A Friend in Need is a Friend Indeed '—અડીના વખતે ઉપયોગી થાય તેજ મિત્ર સાચો.

શાસ્ત્રકાર કહે છે કે ખરો મિત્ર તે કે જે સુખદુઃખમાં સમભાગી રહે અને નિઃસ્વાર્થપણે અડીના વખતે મદદ કરે. દૂધ પાણીની જેમ મિત્રતાની ખાત્રી ખરી વખતે થાય છે. સજ્જનોની મિત્રતા કદાપિ ફિક્કી પડતી નથી. ખરૂંજ કહ્યું છે કે ' પાપમાર્ગથી નિવારી પુણ્યમાર્ગમાં યોજે—જોડે, ગુહ્ય–દોષાદિક ઢાંકે અને સદ્ગુણની પ્રશંસા કરે, આપદા વખતે અનાદર ન કરે પણ ખરી તકે મદદ કરી ઉદ્ધાર કરે—એજ સાચા–નિસ્વાર્થી મિત્રનાં લક્ષણ છે.' આપણે મિત્ર થવું તો આવાજ મિત્ર થવું અને મિત્ર કરવા તો આવા સજ્જનોનેજ મિત્ર કરવા. આવા ઉત્તમ મિત્ર આ લોકમાં તેમજ પરલોકમાં મદદગાર થઇ શકે. નીચી ગતિમાં લઇ જનારી કુમતિથી આપણને બચાવી સદ્ગતિ આપનારી સુમતિ સાથે આપણને જોડી આપે. તન, મન, ધનથી આપણું એકાન્ત હિતજ કરે તેજ ખરો મિત્ર છે. સર્વજ્ઞ–વીતરાગકથિત અહિંસા, સંયમ અને તપલક્ષણ ધર્મ એ નિષ્કારણ મિત્ર છે, તે પવિત્ર ધર્મનું શુદ્ધ અંતઃકરણથી સેવન કરનારા સઘળા બંધુઓ અને બ્હેનો પણ નિઃસ્વાર્થી મિત્રો છે, તેમનું હિત–વાત્સલ્ય કરવું તે આપણી પવિત્ર ફરજ છે. તે ખરી વાત વિસરી જઇ તેમનું અહિત કરવા દોરાઇ જનાર ખરેખર મિત્રદ્રોહી, ધર્મદ્રોહી કે આત્મદ્રોહી છે. કાળદોષથી કોઇપણ પ્રકારની આપદામાં સપડાયેલા આપણા સ્વધર્મી જનોને સવેળા ઘટતી સહાય કરી ઉદ્ધરવામાં પ્રમાદ કરવો ઘટીત નથી.

---

## સ્વધર્મી બંધુઓને અને બ્હેનોને આપણે શી રીતે સહાય કરવી જરૂરની છે ?

આ પ્રશ્ન ઘણો મહત્ત્વનો અને ગંભીર છે. કઇક સહૃદય–દયાળુ લાગણીવાળા ભાઇબ્હેનો આ પ્રશ્નને સમયજ્ઞ–વિદ્વાન મુનિજનો તેમજ શ્રાવકજનો પાસે ઉપસ્થિત કરે છે અને તત્સંબંધી ચર્ચા પણ કરે છે. વિદ્વાન મુનિજનો તેમજ ગૃહસ્થો તે સં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાંધી ઘટતો ઉહાપોહ કરી પોતાના અભિપ્રાય જાહેર કરે છે, પરંતુ પોતાની જૂની રૂઢીથી ટેવાએલા શ્રીમંત જનો હજુ તે દિશામાં જોઇએ તેટલા પ્રમાણમાં લક્ષ આપતા નથી. શ્રીમંત લોકોનો મોટો ભાગ પ્રાયઃ અભણ હોવાથી તેઓ ઘણે ભાગે દ્રવ્યનો વ્યય મોજશોખમાં કે બીનજરૂરી બાહ્ય આડંબરમાં કરે છે. વિદ્વાન્ મુનિજનો અને શાસનપ્રેમી શ્રાવકો તેમને દ્રવ્યનો વ્યય એવા જરૂરી માર્ગે કરવાને કહે છે કે જેથી દિનદિન ગરીબી સ્થિતિમાં સપડાતી અને સંખ્યા તથા બળમાં કમજોર થતી પોતાની જૈન પ્રજાની યા જૈન સમાજની વાસ્તવિક ઉન્નતિ થવા પામે. તેઓ કહે છે કે 'તમે જેટલો પૈસો અત્યારે ઓછવ મહોચ્છવમાં, જમણવારોમાં, લગ્નાદિ પ્રસંગોમાં, વરઘોડા ચઢાવવામાં અને નાના પ્રકારની ખટપટો ઉભી કરી અદાલતોમાં ખર્ચી નાંખો છો, તેટલો બધો નહિ તો તેનો અમુક સારો હિસ્સો તમારા સ્વધર્મી ભાઇબ્હેનોને કે તેમનાં બાળકોને ઉંચી પાયરી ઉપર ચઢાવવા ઘટતી કેળવણી આપવામાં ખર્ચવાની ઉદારતા વાપરો તો તમે જૈન પ્રજાનું વિશેષ હિત કરી શકશો.' સુભાગ્યની નિશાની છે કે શ્રીમંતોમાંના થોડા ઘણાએ એ વાતને કંઇક લક્ષમાં લીધી જણાય છે, જેના પરિણામે તેઓ હવે અન્ય સમાજોની પેરે પોતાના સમાજની ઉન્નતિ કરવા– જૈન બાળાશ્રમો, બોર્ડીંગો વિગેરે સ્થાપવા કંઇક ફાળો આપે છે; પરંતુ જે ખાતાંઓ નીકળે છે તેને પાકા પાયા ઉપર નભી રહે તેવા મજબૂત બનાવવા અને તેમાં વધારે ને વધારે મદદ કરવાની પોતાની ફરજ જેમ તેઓ અધિક સમજશે તેમ તેઓ સ્વસમાજનું મહત્વ વધારી, સારી રીતે સાચવી, શાસનસેવા બજાવી મ્હોટું પુન્ય ઉપાર્જ઼ે શકશે. ઇતિશમ્

મુનિ કે. વિ.

## बाळलग्न अने विधवा.

( લેખક–દફતરી નંદલાલ વનેચંદ. મોરબીવાળા. )

હાલના સમયમાં કેટલાક દયાળુ હૃદયના પણ ભવિષ્યનો વિચાર નહીં કરનારા સંસારસુધારકો વિધવાઓની દુઃખમય સ્થિતિ જોઇ તેમની વ્હારે ધાયા છે તેઓ હાલનોજ વિચાર કરે છે પણ ભવિષ્યમાં તેનું કેવું માઠું પરિણામ આવશે, આર્ય હૃદયના પ્રેમની પવિત્ર ગાંઠ તેનાથી કેવી રીતે નાશ પામી કુવાસનાને જાગૃત કરશે તેનો તેઓ વિચાર કરતા નથી. ભવિષ્યનો વિચાર કરતા નથી એટલુંજ નહિ પણ તેનું મૂળ જાણી તેનો ઉચ્છેદ કરવા પણ કમરબંધ થતા નથી. તેઓ કેવળ બહારની દયાથી દોરવાઇ બાળ વિધવાઓના અસહ્ય સંકટોને ફરીથી લગ્ન કરાવી દૂર કરવા માગે છે. પણ ખરો સુધારક તો તેજ કહી શકાય કે જે તેનું મૂળ શોધી તેનો નાશ કરવાનો પ્રયત્ન કરે. જ્યાંસુધી બીજ બળી ગયું નથી ત્યાંસુધી રોપાઓ ફરી ફરીને ઉગવાના અને ફરી ફરીને તેમને સારૂ ઉપાય શોધવાની જરૂર પડવાની. દીર્ઘદ્રષ્ટિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર કરતાં આપણને જણાય છે કે બાળલગ્ન એજ મુખ્યત્વે બાળવિધવાઓ થવાનું કારણ છે. બાળલગ્નથી અનેક પ્રકારના ગેરફાયદા છે તેથી તો ભાગ્યેજ કોઈ અજાણ હશે. તેથી શરીરશક્તિ નાશ પામે છે, યુવાવસ્થામાં વૃદ્ધપણું આવે છે, તે લગ્નથી ઉત્પન્ન થએલા બાળકો શરીરે બહુ ઓછી શક્તિવાળા માલુમ પડે છે અને ઘણીકવાર બાળકીઓ ગર્ભ ધારણ કરવાની યોગ્ય ઉમર પહેલાં ગર્ભ ધારણ કરવાથી સુવાવડમાંજ મરી જાય છે અને બાળકોનો જે સમય વીર્ય બાંધવાનો તેજ સમયમાં તેનો અઘટીત વ્યય કરવાથી શરીરે કમજોર બને છે અને કેટલીકવાર તો મરણને શરણ થાય છે. આવા અનેક ગેરફાયદાને દૂર કરવા માટે જો મોટી ઉમરે લગ્ન કરવામાં આવે તો ઉપર જણાવેલા લાભ મળે, તેટલુંજ નહિ પણ એક મોટો લાભ એ મળે કે જેથી વિધવાના લગ્નની જરૂર રહે નહિ.

સંસારનો જેઓને બારીક અનુભવ છે, જેઓ જગતના વ્યવહારોને સૂક્ષ્મ રીતે અવલોકે છે, તેઓને જણાયા વગર રહેતું નથી કે મોટી ઉમરે પરણેલી કન્યાઓ એકાદ બે વર્ષમાં સગર્ભા થાય છે અને યોગ્ય સમયે તે કન્યાઓ પુત્ર અથવા પુત્રીની માતા થાય છે. આથી તેમનો પ્રેમ પતિ અને પુત્ર અથવા પુત્રી વચ્ચે વહેંચાય છે. તેના પ્રેમપાત્ર હવે બે બને છે અને એથી કરીને કદાચ દૈવયોગે પતિનું મરણ થાય તોપણ તે પુત્ર અથવા પુત્રી તેણીને આશ્વાસનનું સ્થાન બને છે. પતિના મરણથી ઉપજતું દુ:ખ તો ભારીજ છે પણ પોતાના પ્રેમનું સ્થાન પુત્ર અથવા પુત્રી થવાથી તેવી વિધવા તે પ્રેમ બીજા પુરૂષને અર્પવા ઉત્સુક થશે નહિ, તેવી વિધવા કુસંગમાં પડવા દોરાશે નહિ અને આ પ્રમાણે બાળવિધવાઓના સવાલનું બહુ સારી રીતે નિરાકરણ થઈ જશે. માટે વિધવાવિવાહના સવાલનું નિરાકરણ બાળલગ્ન અટકાવવામાં જ ઘણે ભાગે સમાયેલું છે. પશ્ચિમ તરફના જે વિચારોએ આપણા દેશમાં પ્રવેશ કર્યો છે તે વિચારો સર્વ પ્રશ્નોને તેની ઐહિક બાજુથીજ તપાસે છે. તે વિચારોદ્વારા તેઓ એમ માને છે કે જીવનનો હેતુ સંસારનાં સુખ ભોગવવામાં જે સાધનો સહાયભુત થાય તેવાં સાધનો શોધી કાઢવામાં જ સમાયેલો છે. આવા જડવાદના વિચારોએ આ દેશના કેળવાયેલા પુરૂષોપર અસર કરી છે; તેઓ વિધવાની જીંદગીને કેવળ દુ:ખરૂપ જુએ છે, પણ જેઓ ધાર્મિક દ્રષ્ટિથી વિચારે છે તેઓ જો કે વિધવાની જીંદગીને દુ:ખરૂપ જુએ છે અને વિધવાની સ્થિતિ શોકકારક છે એ વાત કબૂલ કરે છે, છતાં તેમાં પણ કર્મના નિયમની અનિવાર્ય સત્તા જુએ છે. અમે એવા સુભાગ્યોદયની આશા રાખીએ છીએ કે બાળલગ્ન અટકે, વિધવાઓ ઓછી થાય, અને જે વિધવા થાય તે પરમાર્થમાં પોતાનું જીવન ગાળવા દોરાય. આવી મતિ સર્વને થાય તો પરિણામે ઘણો લાભ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિધવાઓનાં ધર્મ ( કર્તવ્ય )

લેખક—( કસ્તુરી નંદલાલ વનેચંદ. મોરબીવાળા. )

પૂર્વે સંચિત કરેલા કોઈ અશુભ કર્મના ઉદયે કરીને સ્ત્રીઓને તરૂણાવસ્થામાં વૈધવ્ય પ્રાપ્ત થાય છે. પ્રૌઢાવસ્થામાં સ્ત્રીઓને વૈધવ્ય પ્રાપ્ત થતાં જે કાંઇ મનોદુઃખ થાય છે તે કરતાં સેંકડોગણું વધારે દુઃખ તરૂણાવસ્થામાં એ સ્થિતિ આવી પડવાથી થાય છે. તેના કારણો સ્પષ્ટ છે. તારૂણ્યની ઉછળતી ઉર્મીઓમાં અને સંસારમાં લલચાવનારા અનેક આકર્ષણોની વચમાં રહીને શીલને ડાઘ ન પડવા દેવો એ અત્યંત કઠીન મનાય છે. આ કઠીન મનાતી અવસ્થામાં વિધવા સ્ત્રીઓને ઘણીજ સાવધાની રાખવાની જરૂર છે.

## વિધવાઓનો આચાર.

અંજન, મંજન, તિલક, તાંબુલ, વિલેપન, અલંકાર અને વસ્ત્રછટા વિગેરે સધવા સ્ત્રીઓના શૃંગાર છે. વિધવા સ્ત્રીઓએ પતિના મરણ પછી તે શૃંગારને તપ્ત અંગાર સમાન ગણવા જોઇએ. તેમને તો પવિત્ર શીલ એજ શૃંગાર છે, તેનું રક્ષણ કરવાને કામોદ્દીપક દરેક પ્રસંગ અને કથા કંટક સમાનજ તેઓએ ગણવી જોઇએ. દુષ્ટ મનુષ્યોનો સંગ અનર્થ કરનાર અને વ્રતભંગ કરનાર હોવાથી તેવા સંગથી તેમણે સદા અને સર્વથા દૂરજ રહેવું જોઇએ. તેમજ દરેક બાબતમાં સાદાઇથી વર્તવું. પોષાક પણ સાદો અને મર્યાદિત રાખવો, અને ભોજન પણ વિકાર કરનાર રાજસી તામસી નહિ પણ સાત્વિક લેવું.

## વિધવાઓએ સમય કેવી રીતે ગાળવો ?

વિધવા સ્ત્રીઓએ જો પોતાને કંઇ સંતતિ હોય તો ગૃહકાર્યની સાથે તે સંતતિનું સારી પ્રકારે રક્ષણ કરવું અને તેમની ભવિષ્યની જીંદગી સુધરે તેવી રીતે યોગ્ય શિક્ષણ આપવાની સાથે દુર્વ્યસનથી તદન દૂર રહે તેની કાળજી રાખવી. ખાસ કરીને વિધવા સ્ત્રીઓએ સંતાનોને ઉછેરવામાં બહુ કાળજી રાખવાની જરૂર છે કારણકે વિધવાઓના સંતાનો નાનપણમાં પિતા અથવા અન્ય કોઇ વડીલ જનના અંકુશ વિના ઉચ્છૃંખલ અને દુર્ગુણી બની જાય છે. સંતાનો પ્રત્યે માતાનો સ્વભાવ અત્યંત માયાળુ હોય છે, તેથી તે માયાળુતાનો ગેરલાભ લઇને સંતાનો ટીપુના શાહજાદા બની જતા જોવામાં આવે છે. તેથી સંતાનોને ઉછેરવામાં વિધવાઓએ વિશેષ લક્ષ આપવાની જરૂર છે. જો કદાચ સંતતિ ન હોય તો પોતાના કુટુંબની સ્થિત્યનુસાર ઘરમાં પોતાને કરવાનું ગૃહકાર્ય કાળજીપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિવેદથી કરી પરવાર્યા પછી એક ક્ષણ પણ આલસ્ય કે વિકથામાં ન ગુમાવતાં નિવૃત્તિના સમયમાં જો કોઇ શાળા, આશ્રમ, કે તેવી કોઇ સંસ્થા હોય તો તેમાં નહિતો કોઇ ભણેલી સ્ત્રી પાસે નૈતિક અને ધાર્મિક શિક્ષણ મેળવવું, અગર વાંચતાં આવડતું હોય તો સારાં સારાં સતીઓનાં ચરિત્રો કે તેવાંજ ઉત્તમ પુસ્તકો વાંચવાં અને બીજી સ્ત્રીઓને સંભળાવવા. ધર્મશાસ્ત્રો સંભળાવનારનો યોગ હોય તો ધર્મસ્થાનકોમાં જઇ શાસ્ત્રશ્રવણ કરવું.

## પ્રૌઢાવસ્થાની વિધવાઓનું કર્તવ્ય.

પોતે યોગ્ય શિક્ષણ મેળવ્યા પછી તે શિક્ષણનો લાભ બીજી સ્ત્રીઓને આપવો અથવા સામાજિક અને ધાર્મિક સેવા બજાવવી એ શિક્ષણનું ઉત્તમ પ્રયોજન છે. આ સ્થિતિ પ્રાપ્ત થયે કુટુંબના અધિપતિની સંમતિ મેળવીને વિધવા સ્ત્રીઓએ સામાજિક કે ધાર્મિક સેવા તરફ પ્રયાણ કરવું કે જેથી તેમના વહેમો અને અજ્ઞાન નષ્ટ થાય અને પોતાનું પણ શ્રેય થાય. તેવો પ્રયત્ન તેઓએ હમેશને માટે કરવો જોઇએ.

# श्री स्थुलिभद्रजीए गुणिकाने करेलो बोध.

હે કોશ્યા! અનંત ભવના પૂણ્યના સંચિતથી મનુષ્ય જેવો ઉત્તમ દેહ પ્રાપ્ત થયો છે, તે ક્ષણિક સુખ ભોગવવાને મળેલો નથી પણ પરમ આનંદ ભોગવવા મળ્યો છે. એ આનંદ તે કયો? આ દેહના સર્વ આનંદ તો તુચ્છ છે કેમકે તે ક્ષણિક છે. દેહના ક્ષણિક સુખ કે આનંદ સુખે નથી, ને આનંદે નથી પણ એ માત્ર બુદ્ધિનો ભ્રમજ છે. ક્ષણભર વિચાર કરી જગતનો વ્યવહાર, ઉત્પત્તિ સ્થિતિ અને નાશ પ્રતિ લક્ષ દેશે તો તને સ્પષ્ટ જણાશે કે આ દેહમાં કશી સુંદરતા નથી. એ દેહ અનેક જાતનાં સત્કર્મો કરવા માટે છે, ક્ષણિક સુખ ભોગવવાને કે પાપ કર્મ કરવા માટે નથી. મોહ એનાપર કરવો કે જેમાંથી નિત્યનો આનંદ પ્રાપ્ત થાય. વિષયસુખનો આનંદ તો ક્ષણભર નોજ છે, વળી મારા સંગે વિષય રમવાની તારી ઇચ્છા આ ક્ષણે તૃપ્ત થયા પછી પાછી વિશેષ જાગૃત થશે અને એ પાપરૂપ આનંદ માટે તને વધારે વધારે તાલાવેલી થયા કરશે. ત્યારે તું શું કરશે? ક્ષણ પછી નાશ પામે એવું સુખ, એવો આનંદ ભોગવવાથી કાંઇ પણ મનુષ્યના જીવનની સાર્થકતા થતી નથી, સુખે મળતું નથી, ને આનંદે મળતો નથી. આહાર એવો કરવો કે જે શરીરને અમર કરે, સુખ એવું ભોગવવું કે જેની તુલનાને કોઇ પણ પહોંચે નહિ, વિલાસ એવો રમવો કે જે સર્વોત્કૃષ્ટ હોય, આનંદ એવો લેવો કે જે પરમ આનંદ હોય ને તૃપ્તિ એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈએ કે જેથી કામનાનો લય થાય. હે કોશ્યા! પવિત્ર ધર્મનો ભંગ કરનારા ને નિત્ય નરકમાં નાંખનારા વિષયોથી કોઈ પણ જીવ કોઈ પણ કાળે પરમ સુખી કે પરમ આનંદી થયો નથી ને થશે પણ નહિ. તેમ તને પણ મારી સંગે વિલાસ કરવાથી તૃપ્તિએ થવાની નથી, સુખે મળવાનું નથી. ને આનંદે થવાનો નથી. ક્ષણની તૃપ્તિ ક્ષણનું સુખ, ક્ષણનો આનંદ, એ શું આનંદ ગણાય ? આટલું સમજાવ્યા છતાં તને મોહ થાય એ તારી મૂઢતા—અજ્ઞાનજ છે. તેં આટલા દિવસો થયાં વિષયો ભોગવ્યાં છે તો પણ તને તૃપ્તિ થઈ નથી; પણ ઉલટી વિશેષ લાલસા થવા લાગી છે. અને પુનઃ પુનઃ વિષય ભોગવવા ઇચ્છે છે, તેનું કારણ એ કે આ જગતનો મિથ્યા આનંદ ભોગવવાથી તૃપ્તિ થતીજ નથી; પરંતુ વધારે ને વધારે અતૃપ્ત બનાવી તે ભોગવવાને વધારે ને વધારે ઉશ્કેરે છે. એક દુર્ગંધીવાળા સ્થાન ઉપર તને આટલો બધો મોહ છે પણ આ શરીર નાશ પામીને માટી ભેળું માટીરૂપ થઇ જવાનું છે. આ શરીરરૂપ હાડકાં, ચામડાં અને માંસના આ પિંડપર જ્ઞાનીને મોહ થતો નથી. હે *ગુણિકા ! અગણિત મનુષ્યો જુવાનીના બહારમાં મદમસ્ત જોવામાં આવે છે. છેલ છબીલા બની જઇ પાપકર્મનો, નીતિ ધર્મનો કે સદાચરણનો વિચાર કરતા નથી ને ગધેડાની માફક બીકણ બની ઇચ્છિત ભોગ ભોગવીને પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે. એક પાપાચરણમાં મસ્ત બની અનેક પ્રકારનાં પાપાચરણ કરે છે, એ સર્વની અધમ ગતિ થાય છે તે તું જાણતી નથી, તેથીજ આ મળમૂત્રથીજ ભરેલા અંગપર તું મોહિત થઈ છું; માટે એ તારો મોહ કાઢી નાંખ. અવિનાશી સુખ ઉપર મોહ કર કે તને તે ભોગવતાં નિત્યનો આનંદ થાય—સદાની તૃપ્તિ થાય. પરમ સુખી થવાય. આ મનુષ્ય દેહ ધરીને જે જીવે પોતાના આત્માનું કલ્યાણ કર્યું નથી—તેનું તત્ત્વ જાણ્યું નથી, તેનો મનખો એળેજ ગયો છે. ચોરાશી લાખ યોનિમાં મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે; તેમાં પણ પાપ પુણ્યનો વિચાર, આત્મા અનાત્માનો વિવેક, પરમાનંદની ઉત્કંઠા ને પરમ સુખની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. વળી સ્વરૂપનો અનુભવ થવો એ તો તેથી પણ વિશેષ દુર્લભ છે. હે કોશ્યા ! જે મળમૂત્રથી ભરેલા નાશવંત દેહપર તને પ્રીતિ થઇ છે તેના સ્વરૂપને તું નિરખીને જો કે તેમાં મોહ કરવા યોગ્ય શું છે ? આ જીવને મનુષ્યપણું પ્રાપ્ત થયું છે તે

* ગુણિકા, કંચની, રામજણી એ વેશ્યાના જુદા જુદા નામો છે.

૧ ગુણ જોઇ દેહાર્પણ કરનાર તે ગુણિકા. એ એકનુંજ સેવન કરે છે.

૨ કંચન લઇ દેહાર્પણ કરનાર તે કંચની. તેનો સ્વામી ધન છે.

૩ ઇશ્વરનું ભજન કરનાર રામજણી; પણ વિષયીજનો તેના મોહપાસમાં તેની ધર્મવૃત્તિ જોઇ ફસાય છે.

૪ રૂપ, ધન, ગુણ જોયા વગર વિષય ભોગવનાર તે વેશ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારના નાશવંત ભોગો ભોગવવાને નહિ, પરંતુ આત્માના કલ્યાણને માટે. તેથી પરમાત્માને પિછાણવા, તેની સેવામાં વિલીન થવું અને તેનું મનન કરવું. આ શરીરમાં રહેલી જીવની જ્ઞાનેંદ્રિય ને અંતઃકરણ પરમાનંદ માટે તલસે છે, પણ પરમાનંદપ્રાપ્તિના માર્ગથી અજાણ્યો, અવિદ્યાથી ઘેરાયેલો જીવ વિવેક વૈરાગ્ય વગરનો હોવાથી સંસાર અટવીના દાવાનળવાળા માર્ગમાંજ ભટક્યા કરે છે; પણ જે સંસ્કારી જીવ હોય છે તે પરમ સતને ઇચ્છે છે, પરમાનંદ માટે તલસે છે, અને સત્યપ્રેમનો જ લક્ષી રહે છે. પરમાનંદ પ્રાપ્તિ પરમ તત્ત્વના સેવનથી થાય છે. એ પરમ તત્ત્વનું સેવન તેના ચિંતન-સાધન વિના થઇ શકતું નથી. પરમ તત્ત્વના દર્શનથી પરમપુરૂષનું દર્શન થાય છે. એ પરમપુરૂષનું દર્શનજ પરમાનંદ છે, પરમ સુખ છે, અવધિની તૃપ્તિ છે. જેમને પરમપુરૂષનાં દર્શન થયાં નથી તેવા જીવો પુણ્યકર્મથી દેવલોકમાં જાય છે ખરા, પણ દેવલોકમાં ગયેલા એ અલ્પ પુણ્યવાળા છે, તેથી ત્યાં અલ્પ સુખ ભોગવીને પુણ્યનો ક્ષય થયા પછી પાછા મનુષ્યલોકમાં અવતરે છે, મરે છે ને આ જગતના પ્રાણી માત્રની સ્થિતિ ગર્ભમાંથી તે મૃત્યુ પર્યંત જે એકસરખી જ દુઃખદાયક છે તે ભોગવે છે. સ્ત્રીના ઋતુકાળે તથા સંભોગ સમયે જીવ ગર્ભરૂપે રહ્યો સતો કષ્ટ ભોગવવાનો પ્રારંભ કરે છે. એ ગર્ભસ્થાનમાં જીવ ઉંધે મસ્તકે મળમૂત્રની વચ્ચે નવ માસ પર્યંત સડ્યા કરે છે. માતાના સારાં નરસાં કર્મથી ગર્ભસ્થાનમાં એટલો બધો તે દુઃખી થાય છે કે તેનું વર્ણન કરવાને શેષ પણ સમર્થ નથી. હે કોશ્યા ! એ ગર્ભની કષ્ટાત્મક સ્થિતિનો હું જ્યારે વિચાર કરૂં છું ત્યારે તને થયેલા મોહને માટે મને અત્યંત શોક થાય છે. એવા મલીન સ્થાનમાં રહેલા ગર્ભસ્થ જીવનું જીવન કેવળ તેની માતાએ ભક્ષણ કરેલા અન્નના રસ ઉપરજ રહે છે. તેની માતાએ ખાધેલા ખાટા, ખારા, તીખા, કડવા વિગેરે રસવાળા પદાર્થોના સેવનથી ગર્ભસ્થ બાળકની અત્યંત સુકુમાર ત્વચા પર કેવી કેવી પીડા થતી હશે તેનો તું વિચાર કરી જો. આવી દુઃખદ અવસ્થામાંથી કોઇપણ પુણ્યયોગે તે જન્મે છે. મનુષ્યદેહ સર્વોત્તમ છે, એજ દેહથી જીવ કષ્ટસાગરને તરી શકે છે, પણ તરવાનું સાધન પરમપુરૂષનું કહેલું જ્ઞાન છે. તેનો પરિત્યાગ કરી સંસારનો વા ખાતો અજ્ઞાની મનુષ્ય પોતાના પ્રસવસ્થાનને સર્વ સુખનું કારણ સમજે છે, એમાંજ સઘળો આનંદ માને છે અને ઇંદ્રિયોના પરસ્પર ઘર્ષણથીજ પોતાને અલૌકિક સુખ મળ્યું સમજે છે. આ તેની મૂઢતા માટે શું કહું ? કેવો ધિક્કાર આપું ? પ્રાણી માત્ર કેવા સ્થાનમાંથી જન્મે છે તેનો વિચાર કરતાં જ્ઞાની મનુષ્ય સમજી શકે છે કે ગર્ભસ્થાનના જેવું એક પણ સંકટવાળું સ્થાન આ જગતમાં નથી. એવા ગર્ભવાસમાંથી મનુષ્ય પ્રાણીનો છુટકો થયા પછી એ ગર્ભવાસમાં પાછો પ્રવેશ ન થાય એવાં કર્મો જ્ઞાની જીવે કરવાં જોઇએ, તેણે પોતાના મનમાં ઉત્પન્ન થતી વિપરીત ભાવનાઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારવી જોઇએ; તેને મારવાને બદલે જ્યારે મનુષ્ય તેની વૃદ્ધિના ઉપાયો યોજે છે ત્યારે વિપરીત પરિણામ આવે છે. તેં અનેકવાર વિલાસસુખ ભોગવ્યાં છે, પણ તું તૃપ્ત થઇ નથી. મનુષ્યના પતનનું મુખ્ય કારણ કામ છે. આ કામ અજિત છે, એને જે જીતે છે તેજ પુરૂષ છે, કેમકે અનેક રીતે કામવિલાસમાં મસ્ત થયેલા જીવોને અનંતકાળ પર્યંત કામભોગ ભોગવ્યા છતાં તૃપ્તિ થઇ નથી. એવા કામને સેવન કરવાની તને જે ઇચ્છા થાય છે તે ખરેખર તારાં દુર્ભાગ્યની જ નિશાની છે. એ પરમ કષ્ટદાયી કામભોગનો આનંદ અલ્પ છે. તને મારા રૂપ ઉપર મોહ થતો હોય તો એ રૂપ કેવું છે તેનું હું તને યથાર્થ દર્શન કરાવું છું તે તું જોઈ લે. પછી આ અંગના જે રૂપાળા ભાગપર તને મોહ થતો હોય અથવા તો જે વહાલું લાગતું હોય તે અંગ તારી પાસે રાખજે, પણ તેથી તારી ઇચ્છા તૃપ્ત થશે નહિ; પણ દિવસે દિવસે વૃદ્ધિ પામતી જશે. જો તારે નિત્યની તૃપ્તિ, નિત્યનું સુખ, નિત્યનો આનંદ ભોગવવો હોય તો પરમાત્માનું સેવન કરવા તૈયાર થા. પરમાત્માના સેવનથી જે આનંદ પ્રાપ્ત થાય છે, તેજ અવિનાશી છે, બાકી સર્વ વિનાશી જ છે.

વળી હે કોશ્યા! તું સાંભળ કે આ મનમાં જ બધા દોષો સમાયેલા છે. જેનું મન પોતાને વશ નથી, જેણે મનને સ્વાધીન કીધું નથી, જેણે મનને પગ નીચે દબાવ્યું નથી તે જીવ કોઇ કાળે પણ જગત્પર વિજય મેળવી શકતો નથી. જીવ માત્રને અક્ષયપ્રાપ્તિનો આધાર મનનો નિગ્રહ છે. મનજ દુ:ખ, ક્ષય, પ્રબોધ તથા અક્ષય શાંતિનું કારણ છે. મન એજ બંધ અને મોક્ષનું કારણ છે. વિષયનું મનન તે બંધ અને નિર્વિષયપણું તે મોક્ષ. મન બે પ્રકારનાં છે. શુદ્ધ અને અશુદ્ધ. વિષયોની અભિલાષાવાળું મન તે અશુદ્ધ અને વિષયોની અભિલાષા રહિત મન તે શુદ્ધ. એથી મુમુક્ષુ જીવે પોતાના અંતઃકરણને નિર્વિષય કરવાનો નિત્ય પ્રબળ પ્રયાસ કરવો જોઇએ, કારણકે મન એવી કારમી માયાના રજકણોથી ઘડાયલું છે કે તે ક્ષણમાં હાથીપર બેસાડે છે ને ક્ષણમાં ગધેડે ચડાવે છે. ક્ષણમાં નિર્વિકારી બની જાય છે ને ક્ષણમાં વિકારના શિખરપર ચડી બેસે છે. માટે જીવે સર્વ પ્રયત્નથી મનપર અંકુશ મૂકી તેને વશ કરવું, કારણકે મનજ પરમ પદને પમાડે છે. તેથી આ જીવે જેમ બને તેમ મનને વશ કરવાને મહત્ પ્રયાસ કરવો યોગ્ય છે.

હે કોશ્યા! તું ખરેખરી ભાગ્યવતી ને વિચારશીળ છે. કેમકે તને આત્માનું કલ્યાણ કરવાની ને આત્માને ઉન્નતિના સ્થાનમાં લઈ જવાની અને પરમાનંદ પદ પ્રાપ્ત કરવાની ભાવના છે. એ ઇચ્છા તૃપ્ત કરવાને તારી વિષયવાસના મોળી પાડ. તારા મનમાં જ્યાં પરમાત્માને વસવાનું સ્થાન છે ત્યાં મારા જેવો અલ્પ જીવ વસે છે, કેમકે હજી તને મોહ છે. એ મોહનો તું નાશ કર. વિષયસેવનમાં અનેક રોગ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક પીડા, અનેક પ્રકારનાં દુઃખો જણાયા છતાં પણ વિષયપ્રતિ ઘસડાવવાને તારૂં મન તને ઉશ્કેરે છે. તેં ઘણા પુરૂષને જીત્યા છે પણ કામવાસનાએ તને દાસી બનાવી પગતળે દબાવી રાખી છે. તું તારા મનને જીતે તોજ સબળા કહેવાય-નહીંતર અબળા. એ મનજ તને અધર્મ માર્ગે દોરે છે. આ જગત્માં રહેલા જીવો પ્રતિ તું દૃષ્ટિ નાંખશે તો તને જણાશે કે વિષયસેવનમાં અંધ બનેલાં અનેક સ્ત્રી-પુરૂષો પોતાનાં રૂપ અને યૌવનનો નાશ કરીને વયે પહોંચતાં દેહથી, મનથી, ગુણથી જર્જરિત થઇ જાય છે. અનેક પ્રકારે વિષયોનું સેવન કરનાર સ્ત્રી-પુરૂષ વૃદ્ધાવસ્થામાં એટલા નિર્બળ અને નિસ્તેજ થઇ જાય છે કે તેઓ જીવતા મુવા સમાન હોય છે. અને પ્રાણીમાત્ર તેને ધિક્કારે છે. સૌન્દર્યનો નાશ થતાં તેનાપ્રતિ કોઈ દૃષ્ટિ પણ કરતું નથી. તારૂં પ્રથમનું સૌન્દર્ય આજે છે? ના, આજનું સૌન્દર્ય ભવિષ્યમાં રહેવાનું છે? ના, છતાં હજી તને તારૂં મન કામવાસનામાં પ્રેરે છે અને મારા રૂપનો તને મોહ લગાડે છે.

આ પ્રમાણે કહ્યા પછી મુનિરાજે વિદ્યાના બળે પોતાના આખા શરીરના અંદરના દરેક ભાગનું તેને દર્શન કરાવ્યું, તેથી મુનિરાજનું સૌન્દર્ય તો બાજુ પર રહ્યું પણ એક ભયંકર હાડપિંજર રક્ત, માંસ, મળ-મૂત્રની ખાણ દેખાડી. પછી મુનિરાજે કહ્યું કે 'આમાંનો કયો પદાર્થ તને સુંદર દેખાય છે તે મને બતાવ કે તે તારે સ્વાધીન કરી દઉં. આ દેહનું આ જ સ્વરૂપ છે, માટે તેના પરનો મોહ છોડી દઇ શ્રી વીતરાગદેવ સાથે પ્રીતિ કર કે જેથી તારૂં આ ભવમાં તેમજ પરભવમાં કલ્યાણ થાય.'

દેહનું હાડપિંજર જોતાં કોશ્યાને સ્થુલિભદ્રપરનો મોહ ઉતરી ગયો. અને ઉભય હસ્ત જોડી મુનિરાજને કહેવા લાગી કે "અરેરે! આ લોકમાં જન્મી મેં ઘોર પાપ કર્મ કર્યાં છે તેની મને શું શિક્ષા થશે? પુરૂષ અને પૈસામાંજ હું લીન હતી. મેં કદી પણ ધર્મનો વિચાર કર્યોજ નથી. રે દુષ્ટ કામ! તેં મોટા મોટા મહાત્માને ચલાયમાન કીધા છે, પતિવ્રતા સ્ત્રીઓને પણ ચલાયમાન કીધી છે, તારો આ જગતમાંથી હમેશને માટે નાશ કેમ ન થયો?" પછી મુનિરાજના ચરણમાં પડી અશ્રુ પાડતી કોશ્યા બોલી-"હે દેવ! હે મહાપુરૂષ! હે તારણકર્ત્તા! હે અદ્વિતીય પુરૂષ! આ પાપાચરણી અબળાનો ઉદ્ધાર કરો. મારૂં કલ્યાણ આપ ઉપર વિશેષ રહેલું છે. આ પાપિણી પર આપે જે મહાન્ કૃપા કીધી છે તેના બદલા તરીકે આપના ચરણનું મને સેવન કરવા આપો." મુનિરાજે કહ્યું-"હે વિવેકી! જે જ્ઞાન મેં તને આપ્યું છે તેનું સતત્ મનન કરશે તો તેથી તારૂં કલ્યાણ થશે. મારા ગુરૂની આજ્ઞા પ્રમાણે આ ચતુર્માસ મેં તારે ત્યાં પૂર્ણ કીધું છે, હવે હું ક્ષણભર પણ રહી શકીશ નહિ. તારૂં કલ્યાણ થાઓ."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થુલિભદ્રજીના સદુપદેશથી કોશ્યાને આ અસ્થિર સંસાર ઉપરથી તેમજ દેહ ઉપરથી પ્રીતિ ઓછી થઇ ગઇ અને સઘળો સંસાર દુઃખમય દીસવા લાગ્યો. તેથી શુદ્ધ શીયળવ્રત ધારણ કરી વ્રત પચ્ચખાણવડે તે પોતાના દેહનું દમન કરવા લાગી અને જે અબળા હતી તે સબળા બની દેવલોકનાં સુખ ભોગવવાને પાત્ર થઇ.

હે ભવ્ય જીવો ! આ જગતની મોહજાળમાં ફસાવાનું મુખ્ય સ્થાન વિષયસુખ છે. લોકો તેને વિષયસુખ કહે છે પણ તે ખરેખર વિષયદુઃખ છે. અને વિષયજ સકળ સંસારનું વિધાન છે. જે વિષયને જીતે છે તેજ જીતેંદ્રિય છે. રણમાં મહા વિજય કરનારા તથા અનેકનો સંહાર કરનારા વિજેતા નથી પણ જે એકલો છે, નિરાકાર છે, જેની પાસે કુસુમનુંજ શસ્ત્ર છે એવા વિષયનો-કામદેવનો જે પરાજય કરે છે તેજ વિજેતા છે. તેને જ ત્રણે લોકોની પણ ઉપર જવાનો અધિકાર છે.

વિષયને જીતનાર પુરૂષ આખા જગતને જીતવાને સમર્થ થાય છે. વળી તેવા પુરૂષને આ જગતની સર્વ વાસનાઓ બાધ કરી શકતી નથી. વળી વિષયને જીતવાથી પરમાત્માનું સેવન સારી રીતે થઇ શકે છે. તેટલા માટે દરેક મનુષ્યે વિષયને જીતવો જોઇએ. આ પ્રમાણે સમજી જે મનુષ્ય બ્રહ્મચર્યનું પાલન કરે છે તેની ત્રણ લોકમાં કિર્ત્તિ થાય છે. તથાસ્તુ.

**શેઠ અમીચંદ કરસનજી.**

સ્કુલમાસ્તર વીશળહડમતીયા—જુનાગઢ.

## ચતુર્થ આગમવાચનાની સમાપ્તિને પ્રસંગે પંન્યાસજી આણંદસાગરજીએ આપેલું વ્યાખ્યાન.

**આગમવાચનાની ઉત્પત્તિ**—આ પાંચમા આરામાં દિનપ્રતિદિન ઉતરતો કાળ હોવાથી, બળ, બુદ્ધિ ને આયુષ્યાદિકની મંદતા થવાથી, સૂત્રોનો ધીમે ધીમે વિચ્છેદ થતો હોવાથી, સાધુઓમાં સૂત્ર સંબંધી જ્ઞાનનો જોઇએ તેવો પ્રચાર થતો નહિ દેખાવાથી મહેસાણાના રહીશ શાસનોન્નતિકારક શાહ વેણીચંદ સૂરચંદ પાટણ આવેલ તેમને ઉપરોક્ત વાત કરવાથી એવો નિર્ણય થયો કે એક બાજુ આગમો છપાવવા ને બીજી બાજુ સાધુઓની અંદર આગમોની વાચના શરૂ કરવી કે જેથી સાધુવર્ગને કાંઇક સિદ્ધાંતની દિશા માલુમ પડે તથા જ્ઞાનની અભિરૂચિ ઉદ્ભવે. આ પ્રમાણેની વાત થયા બાદ તેને અંગે ખર્ચને માટે વેણીચંદભાઈ તરફથી ટીપ શરૂ કરવામાં આવી, અને મહેસાણે આવી ત્યાં આ કાર્ય કરનારી સંસ્થાનું નામ " **શ્રી આગમોદય સમિતિ** " રાખવામાં આવ્યું. પ્રથમ વાચના પાટણ મુકામે શરૂ કરી, ત્યાંની વાચનામાં સાધુ-સાધ્વીઓની સંખ્યા લગભગ **પચાસની** હતી.

For Private And Personal Use Only

મુદ્રણ:—જ્યારે વાચના શરૂ થઇ ત્યારે નિર્ણયસાગર પ્રેસમાં છપાવવાને માટે કામ શરૂ કર્યું હતું, કારણ કે આખા હિંદુસ્તાનમાં આ પ્રેસ જેવું કાર્ય કોઇ પ્રેસ કરી શકતું નથી. પછી કાગળોની સગવડ કરી છપાવવાનું કામ ચાલુ કર્યું.

વેચાણ:—પુસ્તકો છપાયા પછી તેની કેવી રીતે વ્યવસ્થા કરવી તેને માટે વિચાર કરતાં જોકે દરેક પુસ્તકોના ખર્ચની રકમ આવેલી છે છતાં ભેટ આપવાનું નહિ રાખતાં જે અડધી કીંમતે વેચવાનું ઠરાવ્યું છે તેનું કારણ એટલુંજ કે જો ભેટ આપવાનું રાખીશું તો જેને એક નકલ જોઇશે તે બે–ત્રણ મંગાવશે. અને જે ખપી હશે તેને એક પણ નહિ મળે અને અસ્તવ્યસ્ત થઇ જશે આ કારણથી અડધી કિંમત રાખીને જે પૈસા આવે તે તે સૂત્રના બીજા અંગો (ભાષ્ય, ચૂર્ણિ વિગેરે) છપાવવામાં ખરચવા ઠરાવ્યું. આવી રીતે વેચાણ કરવાનું રાખ્યા છતાં પણ કેટલાકો દશ દશ નકલો વેચાતી લઇને વધુ કિંમતે વેચવા લાગ્યા અને કેટલાક સાધુઓ તથા ગૃહસ્થોની બુમ આવવા માંડી કે અમોને પુસ્તકો મળતા નથી. આથી કરીને ફરી સુરતમાં જ્યારે સમિતિની કમીટી મળી ત્યારે એવો ઠરાવ કર્યો કે એડવાન્સ લેવાનું રાખવાથી પુસ્તકોની તેવી ગેરવ્યવસ્થા થશે નહીં. આ કારણથીઆગમની ૧૦૦૦ નકલો છપાવવી ને તેમાંથી એડવાન્સવાળાને આપવી. અને તે ધણીને જ્યારે પુસ્તકો મંગાવવા ન હોય તે વખતે તેના એડવાન્સના રૂપિયા તેને પાછા આપી દેવા. આ પ્રમાણે ઠરાવ કરી એડવાન્સ દરેક નકલદીઠ રૂા. ૧૦) લેવાની ગોઠવણ કરી. તે પ્રમાણે પુસ્તકો આપવા શરૂ કર્યા. આ પ્રમાણે એડવાન્સ લેવાનું સકારણ ઠરાવેલું છતાં પણ કેટલાક જીવોને એડવાન્સ આપતાં પોતાનું નામ જાહેર થાય એ માટે એડવાન્સ વિરૂદ્ધ તેઓ લખવા લખાવવા લાગ્યા, પણ અમોએ તો એજ વિચાર રાખ્યો કે જે માણસ શાસનહિતના કાર્યો કરવા માંડશે તેને વિઘ્નો તો આવશેજ. કારણ કે ' **श्रेयांसि बहु विघ्नानि, भवन्ति महतामपि.** ' આ પ્રમાણે સમજીને સમિતિએ એડવાન્સ લેવાનું ચાલુ રાખ્યું. આજે એકંદર એડવાન્સ આપનારા ૪૫૦ ઉપરાંત થઇ ગયા છે.

**ભેટ:**—છપાયલા આગમો કોને કોને ભેટ મળે છે ? તે વિષે જણાવવાનું કે જેની પૂરી મદદ પુસ્તક છપાવવામાં આવી હોય તેને તે પુસ્તકની ૨૫) નકલ તથા જેના રૂા. ૧૦૦૦) આવેલા હોય તે દરેકને દરેક પુસ્તકની અકેક નકલ તથા જે આગમવાચનામાં જેટલા સાધુ–સાધ્વીઓ ભાગ લેતા હોય જે પુસ્તક તે વાચનામાં વંચાતું હોય તે પુસ્તકની એક એક નકલ તથા આગમ છપાવવામાં જેની જેની લખેલી પ્રત આવેલી હોય તેને તેજ જાતની છાપેલી એક પ્રત તથા જે પહેલીવાર તથા બીજીવાર ફારમો સુધારી આપતા હોય તેને તે જાતની બબે નકલ અને એકવાર ફારમ જોઇ આપે તેને એક નકલ તથા જે કોપી કરાવવામાં તથા કોપી સુધારવામાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા પહેલી ને બીજીવાર ફારમો જોવામાં મદદ કરનાર તથા તેમાં વધારો-સુધારો કરી આપનારને તેજ જાતની નકલ ૧૦) તથા જે ગામોમાં લખેલ પુસ્તકના ભંડારો છે, તે ગામના પાંચથી સાત માણસની સહીનો કાગળ આવે તો તેને પણ એક એક નકલ તથા કેટલીક યુનિવર્સીટી વિગેરેની જાહેર લાઇબ્રેરીઓને પણ એક એક નકલ ભેટ આપવામાં આવે છે. આટલું છતાં જૈનપત્રના અધિપતિ લખે છે 'કે જે સાધુઓએ વાચનાની અંદર લાભ લીધો હોય તેને પણ પુસ્તકો ભેટ મળતાં નથી.' તો મારે અત્રે ખુલાસારૂપે એટલુંજ જણાવવાનું છે કે એવો એક પણ દાખલો આપવો જોઇએ કે જે સાધુ જે પુસ્તકની વાચનામાં બેઠેલ હોય છતાં તે પુસ્તક તેને ભેટ ન મળ્યું હોય. બાકી જેને વધારે પુસ્તકો ભેટ જોઇએ તેને તેટલાં બધાં ભેટ આપી શકાતા નથી, એ તો ખરી વાત છે.

**રજા પાડવાનું પ્રયોજન:**—આટલું કહ્યા પછી મ્હારે હવે જણાવવું જોઇએ કે વાચનાની આજે અઢી વર્ષ ભરની રજા પાડવાનું પ્રયોજન એટલુંજ કે આજ દિવસ સુધી જે જે પુસ્તકો વંચાયા તેમાં દશવૈકાલિક ને સૂયગડાંગ, લલિતવિસ્તરા પહેલાનાં છપાયેલ હતાં તે તથા વિશેષાવશ્યક ( કાશીવાળું ) તથા ઠાણાંગજી ( બાબુવાળું ) છપાયેલ હતું તે તથા એટલા વખતમાં જે જે નવા સમિતિ તરફથી આવશ્યકવૃત્તિ, ઉત્તરાધ્યયનસૂત્ર, આચારાંગસુત્ર, અનુયોગદ્વાર, ઉવવાઇસૂત્ર, નંદીસૂત્ર છપાયા તે વંચાયા. હવે છાપેલા આગમો પૈકી એકપણ પુસ્તક શિલીકમાં ન હોવાથી વાચનાનું કાર્ય અઢી વર્ષ પર્યંત મુલતવી રાખવામાં આવ્યું છે, તે દરમ્યાન પાછા બીજા નવા આગમો છપાઇને તૈયાર થશે, ત્યારપછી વાચના શરૂ થશે. કારણ કે વાચના અને છપાવવાનું કામ બન્ને સરખી રીતે બની શકતાં નથી; વાચના પોતાને આધીન છે ને છપાવવાનું કામ બીજાને આધીન છે, તેથી મુદ્રણ કામને પહોંચી નહિ વળવાથી તથા મુદ્રણ કામ ઘણી ઢંઢાઇથી ચાલતું હોવાથી અઢી વર્ષ પછી વાચના શરૂ કરવાનું યોગ્ય લાગે છે.

**આવતી વાચનાનું મુકરર સ્થાન**—૧૯૭૬ ના વૈશાક વદ ૬ નો માંગળિક દિવસ કે જે સિદ્ધાચલજી ઉપર શ્રી આદીશ્વર ભગવાનની વર્ષગાંઠનો દિવસ છે તે દિવસે પાલીતાણામાં વાંચના શરૂ કરવાનું અત્યારે ધાર્યું છે. અત્રે આ ખુલાસો કરવાનું કારણ એજ છે કે વાચનામાં રજા પડવાથી વખતે કેટલાએકના મનમાં શંકા ઉપસ્થિત થાય કે જેમ સુરતમાં કોંગ્રેસ થઇ હતી અને કેટલાક વર્ષ સુધી બંધ પડી ગઇ, તેમ આ વાચના પણ સુરતમાં આવવાથી સુરતમાંજ તેની સમાપ્તિ થઇ ગઇ. આ શંકા દૂર કરવાને માટેજ લખવું પડે છે કે જેમ કોંગ્રેસ બંધ પડી ને પાછી પોતાની બ્હેનપણી લીગ નામની સંસ્થાને સાથે લઇને કામ કરવા લાગી તેમ આ સમિતિની વાચના પણ

For Private And Personal Use Only

અઢી વર્ષ સુધી રજા ભોગવીને પછી શાસન દેવતાની સહાયતા લઇને પોતાની નવી વ્હેનપણી નામની એક કોઈ સારી સંસ્થાને સાથે લઇને સંવત ૧૯૭૬ના વૈશાક વદ ૬ને દિવસે સિદ્ધાચલજીની પવિત્ર યાત્રાનો લાભ લેશે. એવું ભવિષ્ય કેમ ન બંધાય ? તેથી દરેક સુજ્ઞોને આમંત્રણ કરીએ છીએ કે આપ તેવા રૂડા અવસરનો. લાભ લેવા જરૂર પધારી ભાગ્યશાળી બનશો.

**ઉપસંહાર:—અન્તિમ ઉપસંહાર આ વ્યાખ્યાનનો** કરતાં એટલુંજ જણાવવું આવશ્યકીય છે કે પ્રથમ આગમવાચના **પાટણમાં** થઇ હતી. ત્યાં ૧ સૂયગડાંગ તથા ૨ દશવૈકાળિક વંચાયા હતા. બીજી વાચના **કપડવંજ**માં થઇ હતી. ત્યાં અનુયોગદ્વાર ભાગ ૧ લો, ૨ ઉત્તરાધ્યયન ભાગ ૧ લો, ૩ આવશ્યક ભાગ ૧ લો, ૪ લલિતવિસ્તરા ટીકા વંચાયા હતા. ત્રીજી વાચના **અમદાવાદમાં** થઇ હતી. ત્યાં વિશેષાવશ્યક અડધા ભાગ ઉપરાંત ને ૨ ઠાણાંગસૂત્ર અડધું વંચાયું હતું. ચોથી વાચના **સુરતમાં** થઇ, તેમાં ૧ અનુયોગદ્વાર ભાગ ૨ જો, ૨ ઉત્તરાધ્યયન ભાગ ૨–૩ જો, ૩ આચારાંગ સૂત્ર બંને ભાગ, ૪ ઉવવાઇસૂત્ર, ૫ ઠાણાંગસૂત્રનો ઉત્તરાર્ધ ભાગ, ૫ વિશેષાવશ્યક ઉત્તર ભાગ, ૬ આવશ્યક ભાગ ૨–૩–૪ થો, ૭ નંદીસૂત્ર–આટલા પુસ્તકો વંચાયા છે. તેની એકંદર શ્લોક સંખ્યા એક લાખ ત્રીશ હજારની થઇ શકે છે. બાકીના આગમો હવેની વાચનામાં વંચાશે ને ધારેલ કાર્ય પરિપૂર્ણ થશે એવી આશા રાખવામાં આવે છે. માગશર વદ ૧૦. સુરત.

## સુમિત્ર ચરિત્ર ભાષાંતર.

( અનુસંધાન પૃષ્ટ ૨૭૯ થી ).

### તૃતીય પ્રસ્તાવ.

સુમિત્ર કુમારની માતા ત્યાં આવતાં પ્રિયંગુમંજરી પ્રમુખ સર્વ વહુઓ તેને પગે પડી અને સાસુની હિતાશીષ મેળવીને તે અંતરમાં બહુજ આનંદ પામી. ઇંદ્ર સમાન પોતાના પુત્રની લક્ષ્મી જોઇને પ્રેમાળ માતાના મનમાં અપરિમિત હર્ષ થયો. એ રીતે ઇંદ્ર સમાન રાજ્ય ભોગવતાં એકદા પ્રતિહારીએ આવીને સુમિત્ર રાજાને વિનંતિ કરી કે—'હે સ્વામિન્! ચંદ્રને ચકોરની જેમ તમારા ચરણકમળ જોવાને ઉત્સુક ઉદ્યાનપાલક દ્વાર આગળ ઉભો છે.' રાજાએ કહ્યું કે—'તેને સત્વર અંદર લાવ.' એટલે પ્રતિહારીની સાથે તે રાજસભામાં આવ્યો, અને વિકસિત પ્રફુલ્લ પુષ્પોની માળા ભેટ ધરીને બોલ્યો કે—'હે દેવ! આપના પુષ્પાવતંસક નામના ઉદ્યાનમાં બહુ હસ્તીઓના પરિવાર યુક્ત યૂથનાથની જેમ ઘણા સાધુઓના સમુદાયથી પરિવૃત્ત થયેલા **ધર્મઘોષ** નામે આચાર્ય પધાર્યા છે.' કર્ણને અમૃતના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાન સમાન આ વૃત્તાંત સાંભળીને રોમાંચિત થયેલા રાજાએ ઉદ્યાનપાલકને આનંદપૂર્વક બધાં આભરણો વધામણીમાં આપી દીધાં. પછી તરતજ મંત્રી, સામંત તથા પ્રિયંગુમંજરી પ્રમુખ રાણીઓથી પરિવૃત્ત, તથા છત્ર અને ચામરયુગલથી સુરેંદ્રની જેવો શોભાયમાન રાજા પટ્ટહસ્તીપર આરૂઢ થઇને અનેક વાદ્યો વાગતાં, ગીતો ગવાતાં, અગણિત નૃત્યો થતાં અને દીનજનોને દાનઆપતાં મહોત્સવ સહિત અતિશયયુક્ત એવા આચાર્યમહારાજને વંદન કરવા માટે વનમાં આવ્યો. ત્યાં ગજાદિ વાહનો અને બીજા રાજચિહ્ન તજીને પંચાવગ્રહપૂર્વક વિધિજ્ઞ રાજાએ પરિવાર સહિત સૂરિમહારાજને વિધિપૂર્વક પ્રણામ કર્યા; એટલે મંત્રી, મિત્રો અને કલત્રાદિ પરિવારયુક્ત તેને ગુરૂમહારાજે સુખદાયક ધર્મલાભ આપ્યો. તે વખતે વર્ષાકાળમાં મયૂરોની જેમ આનંદથી ઉભરાઇ જતા સર્વ નગરજનોએ આવીને મુનીશ્વરને નમસ્કાર કર્યા. પછી સર્વ ભવ્યો યથાસ્થાને બેઠા અને તે મનોહર સભામાં કોલાહળ નિવૃત્ત થયો એટલે ગુરૂમહારાજે પ્રાણીઓના સર્વ પ્રકારના કલેશ દૂર કરવા અને મોક્ષમાર્ગ બતાવવા દ્રાક્ષ સમાન મધુર ગિરાથી ધર્મદેશના આપવી શરૂ કરી.

"દરિદ્રી જેમ ચિંતામણિ રત્ન પામે તેમ આ દુર્લભ માનવજન્મ પામીને બુદ્ધિવંત વિવેકીજનોએ તેનું ધર્મરૂપ ફળ મેળવવું યોગ્ય છે. રત્નોથી પૂર્ણ સમુદ્ર પામ્યા છતાં જેમ બાળક કોડીને ઇચ્છે, તેમ મુક્તિના ફળરૂપ નરજન્મ પામ્યા છતાં મૂર્ખ પ્રાણી ઇંદ્રિયોના ભોગોને ઇચ્છે છે, માટે સુજ્ઞોએ તો કલ્પવૃક્ષસમાન ઇચ્છાને પૂરનાર ધર્મનીજ નિરંતર આરાધના કરવી. દૂધમાં જેમ સારરૂપ ઘૃત રહેલું છે, તેમ સર્વ ધર્મમાં સારરૂપ સંતોષ છે. કહ્યું છે કે—'જેણે સંતોષરૂપ ભૂષણને ધારણ કરેલ છે, તેની સમીપે નવે નિધિઓ હાજર રહે છે, કામધેનુ તેને અનુસરે છે અને દેવતાઓ તેના કિંકર થઇને રહે છે.' સંતોષી એવા સામાન્ય મનુષ્યને જેવું સુખ હોય છે તેવું સુખ અસંતોષી એવા ઇંદ્રને કે મોટા સમ્રાટ્ને પણ હોતું નથી. અસંતોષથી ઉત્પન્ન થયેલ લોભ પરમ વૈરના કારણરૂપ થાય છે તે સંબંધમાં રાજા, મંત્રી, શેઠ અને કોટવાળના પુત્રનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે:—

સર્વ ઉત્તમ વસ્તુઓના સંકેતસ્થાનરૂપ અને સર્વ નગરોમાં શ્રેષ્ઠ **વસંતપુર** નામે નગર છે. ત્યાં **જિતશત્રુ** નામે રાજા રાજ્ય કરે છે, જે શત્રુઓ રૂપ ગજોમાં સિંહકિશોર સમાન અને પોતાની પ્રજારૂપ કમળને સૂર્ય સમાન છે. તે નગરમાં રાજા, અમાત્ય, શેઠ અને કોટવાળના પુત્રો સમાન વયના હોવાથી નિરંતર સાથે રહીને ક્રીડા કરે છે. વિદ્યા ગ્રહણ કરવાની વય પ્રાપ્ત થતાં એકજ લેખશાળામાં તેમણે કળાઓનો અભ્યાસ કર્યો, અને અનુક્રમે યુવતિઓને મોહનમંત્ર સમાન યૌવનવયને પામ્યા. બાલ્યવયથી પરસ્પર સ્નેહવાળા એવા તેમણે એક દિવસ પૂર્વકૃત કર્મના યોગથી એવો વિચાર કર્યો કે—'કેદખાનામાં પડેલા કાયર પુરૂષોની જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુવાના દેડકા સમાન આપણે નિરંતર આજ નગરમાં શા માટે બેસી રહેવું? પૃથ્વી-પર ભ્રમણ કરવાથી વિવિધ આશ્ચર્ય જોઇ શકાય, સજ્જન-દુર્જનનો તફાવત જાણી શકાય અને પોતાના ભાગ્યની પણ પરીક્ષા થાય. જ્યાંસુધી આપણે પોતપોતાના પિતાના કાર્યમાં ગુંથાયા નથી, ત્યાંસુધી નિશ્ચિંતપણે ભૂતળપર ફરીને આપણે અ-નેક કૌતુકો શા માટે ન જોઇએ ?' આ પ્રમાણે વિચાર થતાં ત્રણ મિત્રોએ રાજપુત્રને કહ્યું કે—" હે કુમાર! તમારે પ્રવાસને અંગે કોઈ જાતની ચિંતા ન કરવી. કારણકે અમે સદાને માટે તમારા સેવક છીએ. તેથી અમે પોતપોતાની કળાથી અનેક વસ્તુઓ અને ભોજનાદિકવડે તમારી ભક્તિ કરશું. આવશ્યકસૂત્રમાં કહ્યું છે કે–જેના આધારે કુળ હોય. તે પુરૂષની આદરપૂર્વક રક્ષા કરવી. કારણ કે ગાડીના પૈડાંનો મધ્યભાગ ( તુંબ ) વિનષ્ટ થતાં તેના આરાઓ કામ કરી શકતા નથી. "

આ પ્રમાણે નિર્ણય કરીને રાત્રે તે ચારે મિત્રો પોતાના વડીલોની રજા લીધા સિવાય પોતપોતાના આવાસથી સંકેતસ્થાને એકઠા થઇ ચાલતા થયા, તેજ દિવસે સાંજે દૂર કોઇ ગામે પહોંચતાં શ્રમિત થવાથી તેઓ સૂઈ ગયાં. તેવામાં ત્યાં મોટી ધાડ પડી, એટલે કોટવાલના પુત્રે તરવાર લઇને તેમની સાથે ઘોર યુદ્ધ કરી તેમને ભગાડ્યા. તેથી તેઓ જીવ લઇને ત્યાંથી નાઠા. આ હકીકત સાંભળવાથી સંતુષ્ટ થયેલા ગ્રામના લોકોએ બીજે દિવસે તેમને આદરપૂર્વક જમાડ્યા. ત્યાં થોડો વખત રહીને તેઓ પાછા આગળ ચાલ્યા. અનુક્રમે તેઓ સમસ્ત વસ્તુઓથી પ્રપૂરિત એવા કોઇ મોટા નગર પાસે આવી પહોંચ્યા. ત્યાં શ્રેષ્ઠિપુત્ર ભોજનને માટે પ્રયાસ કરવા નગરમાં ગયો. તેણે બજારમાં જઈ કોઇ વણિકને પોતાની મુદ્રિકા આપી. તેના બદ-લામાં કંઇક દ્રવ્ય લીધું. પછી વસ્તુપરીચયમાં વિચક્ષણ એવા તેણે ચતુષ્પથમાં આવી ક્રય વિક્રય કરીને એકજ પ્રહરમાં પાંચસો સોનામહોર પેદા કરી અને મૂળ દ્રવ્ય પાછું આપી પોતાની મુદ્રિકા તથા નફાનું દ્રવ્ય લઇને મિત્રો પાસે આવ્યો. પછી ભોજન, વસ્ત્ર, તાંબૂલ અને કુસુમાદિકથી તે વ્યવહારીપુત્રે સર્વ મિત્રોને સંતુષ્ટ કર્યા. કેટલોક વખત ત્યાં રહીને આગળ ચાલતાં તેઓ સુરપુર નામના નગર પાસે આવ્યા અને ત્યાં કોઇ દેવાલયમાં જઇને રહ્યા. આ વખતે મંત્રીપુત્રનો વારો હોવાથી તે ચતુષ્પથમાં આવ્યો, ત્યાં પટહનો નાદ સાંભળીને તેણે કોઈ પુરૂષને પૂછ્યું કે-'આ પટહ શા માટે વગાડવામાં આવે છે ? ' તે બોલ્યો કે-' હે દૂરદેશી દયાળુ ! તું સત્વર તેનું કારણ સાંભળ. અહીં સર્વ ધૂર્તોમાં શિરોમણિ કોઇ ધૂર્ત આવેલો છે. તેણે અહીંના સાર્થપતિને કહ્યું કે–તારે ત્યાં મેં લાખ સોનામહોર ગુપ્તપણે રાખેલી છે, તે મને પાછી આપ. સાર્થપતિએ તેને કહ્યું કે–તેનું સાક્ષી કોણ છે?તે બોલ્યો કે–મેં તારે ત્યાં મૂકી તેમાં પરમેશ્વર વિના અન્ય કોઇ સાક્ષી નથી. એ રીતે નિરંતર વિગ્રહ કરતાં છ મહિને તેઓ રાજસભામાં આવ્યા, અને તેમણે રાજાને વિજ્ઞપ્તિ કરી કે આપ બુદ્ધિમાન્ અમારો કલહ ભાંગો. રાજાએ મંત્રિઓને આજ્ઞા કરી, એટલે

For Private And Personal Use Only

બુદ્ધિવંત મંત્રીઓ એકઠા મળ્યા, અને ઘણા દિવસો સુધી વિચાર કર્યો, તો પણ તેઓના વિવાદનો તેઓ અંત લાવી શક્યા નહીં; એટલે રાજાના હુકમથી સર્વત્ર આ વાદ્ય વગાડીને જાહેર કરવામાં આવે છે કે 'પોતાની બુદ્ધિથી જે કોઈ એમના વાદને ભાંગશે તેને રાજા મંત્રીઓ પાસેથી લક્ષ દ્રમ્મ અપાવશે' આ પ્રમાણેની હકીકત સાંભળીને મતીમાન્ મંત્રીપુત્રે તે પટહનો સ્પર્શ કર્યો, એટલે સેવકો તેને અશ્વપર બેસાડીને રાજસભામાં લઈ ગયા. ત્યાં કળાયુક્ત ચંદ્રમાની જેમ તેનો સુંદર આકાર જોઇને સમુદ્રની જેવો ગંભીર રાજા હર્ષ પામ્યો. પછી રાજાએ તેને કહ્યું–'હે વત્સ ! ક્ષીર નીરને હંસ જુદા પાડે તેમ આ શ્રેષ્ઠિ અને ધૂર્તનો તું ન્યાય કર. એટલે મંત્રીપુત્રે પેલા ધૂર્તની સામે જોઇને કહ્યું કે 'હે ભદ્ર ! તને મેં ઓળખ્યો, મારા ભાગ્યેજ તું બહુ વખતે મારા જોવામાં આવ્યો છે, તારી પાસે મેં પરમેશ્વરની સાક્ષીએ ચાર લાખ સોનામહોર મૂકી છે તે સત્વર મને આપ.' આ પ્રમાણેનાં વચનો સાંભળીને શાખાભ્રષ્ટ વાનરની જેમ તે ધૂર્ત ઝાંખો પડી ગયો, કારણ કે અધર્મથી નહિ પણ ધર્મથીજ સદા જય થાય છે. આથી રૂષ્ટમાન થયેલા રાજાએ પોતાના સેવકોને હુકમ કર્યો કે ચોરની જેમ સમસ્ત નગરમાં આની નિર્ભર્છના કરીને તેને મારી નાંખો. એટલે મંત્રીસુતે રાજાને પગે પડીને તે મહા ધુર્તને અભય અપાવી નગરમાંથી છુવનો જવા દીધો. પછી અહો એની બુદ્ધિ અને દયા કેવી પ્રશંસાપાત્ર છે, એમ કહી રાજાએ મંત્રીઓ પાસેથી તરતજ તેને લક્ષ દ્રમ્મ અપાવ્યા. એટલે 'ધન્ય છે આ પરદેશીને કે જેણે પોતાની બુદ્ધિથી સાર્થપતિને ઉપાધિમાંથી છોડાવ્યો.' એ રીતે નગરજનોના મુખથી પોતાની પ્રશંસા સાંભળતો તે દ્રવ્ય લઇને સ્વસ્થાને આવ્યો અને તે દ્રવ્યથી બધા મિત્રોએ ઇચ્છા પ્રમાણે વિવિધ ભોગ ભોગવ્યા. દ્રવ્ય એ ગૃહસ્થોને કલ્પવૃક્ષ સમાન છે.

પછી તેઓ કૌતકને વશ થઈ વાપી, કૂપ, તળાવ, કમળો અને પ્રાસાદ પ્રમુખ રમ્ય અને વિચિત્ર સ્થાનો જોતાં જોતાં ત્યાં સ્વેચ્છાવિહારથી કેટલોક વખત રહીને દૂર દેશને જોવાની ઇચ્છાથી આગળ ચાલ્યા. અનુક્રમે યોગી જેમ સંસારનો પાર પામે તેમ સિંહ, વ્યાઘ્ર અને ગજાદિકથી મહા ભયંકર એવી અટવીને તેઓ સુખે સુખે ઓળંગી ગયા. અને એક દિવસ સાંજે કોઇ ગામની નજીક આવી પહોંચી વિસ્તીર્ણ વટવૃક્ષની નીચે તે ચારે જણા વિસામો લેવા બેઠા. રાત્રે એક એક પહોર પહોરો ભરવાના વારા કરીને તેમણે ત્યાં કોમળ સ્થાને શયન કર્યું. પ્રથમ પહોરે રાજપુત્ર જાગતો હતો, એવામાં કોઇએ અદૃશ્ય રહીને પડું. એમ પુનઃ પુનઃ કહ્યું. તે સાંભળીને સાહસના નિધાનરૂપ વીર રાજકુમારે કહ્યું કે–વારંવાર શા માટે બોલે છે ? સત્વર યથેચ્છ પડ. એટલે તેણે પુનઃ કહ્યું કે–હું પડીશ તો તમને બધાને મહાન્ લાભ અને અનર્થ બંને થશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજકુમાર બોલ્યો કે—' જે અર્થથી અનર્થ થાય તો તે સુવાથી મરણ થવા જેવું છે. કપૂરથી જો દાંત પડે તો ભલે પડી જાય. ' કુમારે આ પ્રમાણે કહ્યું એટલે વિજળીની જેમ કાંતિયુક્ત અને દિશાઓને પ્રકાશિત કરતો એક સુવર્ણપુરૂષ નીચે પડ્યો. તૃષ્ણારૂપ તરંગિણીને વરસાદ જેવા તે સુવર્ણપુરૂષને જોઇને સંતુષ્ટ થયેલ રાજકુમારે નિધાનની જેમ તેને કયાંક ગોપવી દીધો. એ પ્રમાણે પોતપોતાના પહેરામાં અન્ય ત્રણેને પણ થયું; પરંતુ પરસ્પર એક બીજાને કોઇએ તે વાત કરી નહીં. પ્રભાતે તે ચારે પોતપોતાના સુવર્ણપુરૂષનું શું કરવું તેના વિચારમાં આમ-તેમ ભમવા લાગ્યા, અન્ય કાર્ય કરવાનો કોઇના મનમાં ઉત્સાહ રહ્યો નહીં. એવામાં રાજપુત્ર અને કોટવાળપુત્રે એકઠા થઇને એકાંતમાં પરસ્પર પોતાની ગુપ્ત વાત કરી તેમજ મંત્રીપુત્ર અને શ્રેષ્ઠીપુત્રે પણ પરસ્પર પોતાના સુવર્ણપુરૂષની વાત કરી. રાજપુત્ર અને કોટવાલપુત્રે પરસ્પર વિચાર કર્યો કે–' આપણે એ બંનેને પોતાના ભાગ્યથી મેળવેલ સુવર્ણપુરૂષમાંથી ભાગ શામાટે આપવો ? માટે એ બંનેને મારી નાખીએ તો સારૂં, નહિ તો ભાગ લેશે ' એમ ધારી તેમને પાસેના ગામમાં મિઠાઇ લેવા મોકલીને પોતે હાથમાં તરવાર લઈ એક વૃક્ષના મૂળ આગળ સંતાઈ રહ્યા. માર્ગે ચાલતાં પેલા બેએ પણ વિચાર કર્યો કે–' આપણને સુવર્ણપુરૂષની પ્રાપ્તિ થઈ છે, તે જો એ ક્ષત્રિયોના જાણવામાં આવશે, તો મિત્રાઇથી અથવા તો બળાત્કા-રથી પણ એ ભાગ લીધા વિના નહિ રહે; માટે એમને મારી નાખવા યુક્ત છે.' એમ ચિંતવી તેઓ અન્નપાનને વિષમિશ્રિત કરીને લઇ આવ્યા. એવામાં વૃક્ષમૂ-ળમાં છુપાયેલા રાજપુત્ર અને કોટવાલપુત્રે તેમને મારી નાંખ્યા અને વિષમિશ્રિત-અન્નને ન જાણતા ક્ષુધાતુર એવા તે બંનેએ ખાધું, એટલે ભોજન કરતાં કરતાં તેઓ પણ મરણ પામ્યા. એવામાં નંદીશ્વરદ્વીપની યાત્રા કરીને પાછા વળતાં રાજ-હંસ સમાન ઉજ્વળ બે ચારણશ્રમણ આકાશમાર્ગે ત્યાં આવ્યા. એટલે તે ચારેને મરણ પામેલા જોઇને શિષ્યે ગુરૂને પૂછ્યું કે–' સ્વામિન્ ! આમાં બે શસ્ત્રથી હણા-યેલા અને બે વિષથી મરેલા કેમ ? ' ગુરૂ બોલ્યા કે—

' પૂર્વભવે **સુગ્રામ** નામના ગામમાં **દઢ** નામે રાજાના એ ચારે સેવકો હતા. એક દિવસે રાજાએ તેમને શત્રુએ લઇ લીધેલ ગામ બાળી દઇને લોકોને મારવા અને વૈરીનું વૈર લેવા મોકલ્યા. ત્યાં પશુઓ, સ્ત્રીઓ અને બાળકો વિગેરેથી વ્યાપ્ત ગામને જોઇને અંતરમાં દયા આવવાથી તેઓ વિચારવા લાગ્યા કે–' અહો ! સેવ-કોના જીવિતને ધિક્કાર છે કે જેઓ પરાધીનપણાથી એક ક્ષણભર પણ સુખ મેળવી શકતા નથી. વળી એવા પરાધીન સેવકો પોતાના ઉદરપૂરણ માટે અનેક પ્રકારનાં પાપ કરીને સત્વર પોતાના આત્માને ઘોર નરકમાં લઇ જાય છે, માટે આપણે આ ગામ બાળીને પાપના ભાગીદાર ન થવું.' આ પ્રમાણે વિચાર કરીને કોઇ ક્ષેત્રમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમણે ઘાસની ગંઠડ માત્ર બાળી, પરંતુ ત્યાં પૂર્વે ધાડના ભયથી કોઇ હાલિક (હળવાળો) સંતાયો હતો તે દૈવયોગે બળી ગયો. તે હાલિકનો જીવ મરીને વ્યંતર થયો. 'પ્રાયપ્રભાવે જળ અગ્નિ વિગેરેથી મરણ પામેલ જીવ વ્યંતર થાય છે.' પેલા ચારે મરણ પામીને રાજા, પ્રધાન, શ્રેષ્ઠી અને કોટવાળના પુત્રો થયા. અને તે ચારે મિત્રો થયા. પુણ્યયોગે તેઓ રૂપવંત પણ થયા. અન્યદા દેશાંતરમાં ફરતાં ફરતાં તે ચારેને કર્મયોગે પોતાના વૃક્ષતળે આવેલા જોઇને પેલો વ્યંતર અવધિજ્ઞાનથી તેમને પોતાના પૂર્વભવના વૈરી માની તેમનો વધ કરવા માટે સુવર્ણપુરૂષ થઇને પડ્યો. ચાર મિત્રમાંહેના રાજપુત્ર અને કોટવાલપુત્રે લોભને લીધે ખડ્ગથી પ્રધાનપુત્ર અને વ્યવહારીપુત્રને ઠાર કર્યા અને પ્રધાન ને વ્યવહારીના પુત્રે લાવેલું વિષમિશ્ર અન્ન ખાવાથી તે બંને પણ મરણ પામ્યા. એટલે 'મેં છળ કરીને વેરનો બદલો લીધો, એમ બોલતો વ્યંતર હર્ષ પામ્યો.' આ પ્રમાણે વાત કરીને ચારણશ્રમણ ત્યાંથી ચાલતા થયા. એ રીતે સંતોષાંજનવર્જિત લોભાંધ જીવો ભવરૂપ વનમાં અતિશય કષ્ટ સહન કરે છે. વળી હે રાજન્! કોઈની સાથે જાણે અજાણે પણ વેર થતાં ભવાંતરમાં પ્રાણીઓને તે અતિ દુઃખદાયક થાય છે. એ હકીકત પણ આ દૃષ્ટાંત પરથી સમજી શકાય છે."

આ પ્રમાણેનું દૃષ્ટાંત સાંભળીને સુમિત્ર રાજા બોલ્યો કે–'હે પ્રભો! પોતાના સ્વામીના આદેશથી અજાણતાં માત્ર એક પુરૂષનો ક્ષય થવાથી તેમને ભવાંતરમાં આવો દુરંત વિપાક સહન કરવો પડ્યો, તો પછી ઘણા જીવોનો ઘાત કરનાર એવા મારી શી ગતિ થશે?' ગુરૂ બોલ્યા કે–"આત્માને સંવરમાં રાખીને જો બાર પ્રકારે તપ કરવામાં આવે તો કૃતકર્મનો ક્ષય થાય છે. કહ્યું છે કે–'બાહ્ય અને અભ્યંતર તપરૂપ અગ્નિ જ્વળાંત થતાં સંયમી પુરૂષ દુર્જર કર્મોને પણ બાળી દે છે." આ પ્રમાણેનો ઉપાય જાણીને કર્મના મહા માઠા વિપાકથી ભય પામેલા રાજાએ સંસારસાગરમાં પોત સમાન યતિપણાની યાચના કરી. એટલે જ્ઞાની ગુરૂ બોલ્યા કે–'હે રાજન્! તારે હજી પૂર્વાર્જિત દાનપુણ્યનું બહુ ભોગફળવાળું કર્મ ભોગવવાનું છે, તેથી દેવોને પણ દુર્લભ એવા ભોગ તારે અવશ્ય ભોગવવાં પડશે. હમણાં તારે વ્રત લેવાનો અવસર નથી.' રાજા બોલ્યો કે–'હે ભગવન્! વિષાંજનની જેવા અંતે પરિતાપ ઉપજાવનારા ભોગસુખો ભોગવવાથી શું?' ગુરૂ બોલ્યા કે–"હે રાજન્! તારૂં કહેવું ખરૂં છે, પણ નિકાચીત કર્મો ભોગવ્યા વિના છુટકો થતો નથી, કહ્યું છે કે–'પોતાનાં કરેલાં કર્મ ભોગવ્યા વિના લાખો વરસે પણ ક્ષય ન પામે.' માટે કરેલાં શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવાંજ જોઇએ, સર્વ જીવો પોતાનાં કરેલાં પૂર્વ કર્મના વિપાકનેજ પામે છે. ગુણ કે દોષમાં– લાભ કે હાનિમાં બીજા તો નિમિત્તમાત્ર છે. હે નરેંદ્ર! એક લાખ વરસ પછી તને કેવળીગુરૂની પાસેથી અવશ્ય દીક્ષા પ્રાપ્ત થશે, ત્યાંસુધી સુખે સુખે શ્રાવક ધર્મની આરાધના કરો, એથી પણ કેટલીક કર્મનિર્જરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે." પછી પ્રિયંગુમંજરી રાણી સાથે સુમિત્ર રાજાએ હર્ષથી શ્રાવક ધર્મ અંગીકાર કર્યો, તેમજ નગરજનોએ પણ સમ્યકત્વ સહિત બાર વ્રતરૂપ શ્રાવક ધર્મ તથા સાધુ ધર્મનો સ્વીકાર કર્યો. પછી ગુરૂમહારાજને વંદન કરી રાજા સપરિવાર પોતાના નગરમાં આવ્યા અને ગુરૂમહારાજ અન્યત્ર વિહાર કરી ગયા.

પછી જાણે પોતાના પુણ્યપુંજ હોય તેવા શુભ્ર અને ઉન્નત તોરણયુક્ત હજારો જિનપ્રાસાદ તેણે કરાવ્યા, અને તેમાં જાણે સુકૃતોથી પૂરિત સુવર્ણના કળશો હોય તેવી લાખો જિનપ્રતિમાઓ સ્થાપન કરી. પ્રતિવર્ષે તીર્થયાત્રાદિ મહોત્સવો કરવા લાગ્યો અને દરરોજ જિનચૈત્યોમાં ભારે આડંબરથી સ્નાત્રપૂજા કરવા લાગ્યો. પોતાના સાધર્મીઓનું દાણ માફ કરીને વેપાર કરતા સર્વ સાધર્મીઓને તેણે કોટિધ્વજ બનાવ્યા. બંને કાળ આવશ્યક ક્રિયા અને ભક્તિ તથા શક્તિથી ત્રિકાળ જિનપૂજા કરવા લાગ્યો. પ્રતિ માસે લક્ષ અને પ્રતિ વર્ષે કોટિ દ્રવ્ય વાપરીને તે સ્વામિવાત્સલ્ય કરતો હતો, તેમાં સાધર્મીઓને રત્નકંબલ, દિવ્ય વસ્ત્રો અને સુવર્ણ–રત્નના આભરણો આપતો હતો. એક હજાર રાજાઓની સાથે ઉપવાસ સહિત પૌષધ કરીને બીજે દિવસે આનંદથી તે પારણું કરતો, ન્યાયરૂપ લતાકુંજને ઇંદુ સમાન અને અન્યાયરૂપ સાગરને અગસ્ત્ય ઋષિ સમાન તે રાજા મરકીના ઉપદ્રવનું પણ આજ્ઞાથી કરતો હોય તેમ નિવારણ કરતો હતો. એ પ્રમાણે પુણ્યના પ્રભાવથી બીજના ચંદ્રની જેમ દિવસે દિવસે તેનું રાજ્ય પૃથ્વીપર અત્યંત વૃદ્ધિ પામ્યું. પ્રિયંગુમંજરી પ્રમુખ અત્યંત રૂપ–લાવણ્યથી સુશોભિત તેને નવ હજાર રાણીઓ થઇ, રાજહંસોના સમૂહની જેવા એક હજાર રાજાઓ તથા પાંચસો મંત્રીઓ તેના ચરણકમળને સેવતા હતા. હસ્તી, અશ્વ અને રથ પ્રત્યેક વીશ વીશ લાખ તથા પદાતિ અને ગામો ચાલીશ ક્રોડ તેમજ બત્રીશ હજાર નગરો હતા. ઇત્યાદિ અગણિત સંપત્તિ તેને પ્રાપ્ત થઇ હતી.

એક દિવસે અલ્પ રાત્રિ શેષ રહી ત્યારે પ્રિયંગુમંજરી રાણીએ સ્વપ્નમાં એક દેદિપ્યમાન દેવને જોયો એટલે પ્રભાતે તેણે આનંદપૂર્વક તે વાત પોતાના પતિને નિવેદન કરી. રાજાએ તેને સત્પુત્રરૂપ ફળની પ્રાપ્તિ કહી સંભળાવી, ત્યારથી ભર્તારના મનોરથો સાથે તે ગર્ભને વહન કરવા લાગી, અને હિત તથા મિત ભોજનથી સંતુષ્ટ રહીને તે યત્નવડે તેનું પોષણ કરવા લાગી. યોગ્ય અવસરે પિતાના શત્રુરૂપ તિમિરને હણનાર તથા સજ્જનોને આનંદ આપનાર એવા પુત્રને પૂર્વ દિશા જેમ રવિમંડળને જન્મ આપે તેમ તેણે જન્મ આપ્યો. પુત્રજન્મથી પરમાનંદમાં મગ્ન થયેલા રાજાએ વિસ્તારથી વર્ધાપન મહોત્સવ કર્યો. ષષ્ઠીજાગરણ વિગેરે મહોત્સવ સમાપ્ત થતાં બારમે દિવસે જ્ઞાતિવર્ગનો સત્કાર કરીને ગર્ભમાં આવતાં એની માતાએ ઇંદ્રને જોયો હતો તેથી રાજાએ સ્વપ્નાનુસારે તેનું **ઇંદ્રદત્ત** નામ રાખ્યું. પાંચ ધાત્રીઓથી લાલનપાલન કરાતો તે પુત્ર પિતાના મનોરથો સાથે વૃદ્ધિ પામતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુક્રમે આઠ વરસનો થયો, એટલે પોતાની સમાન વયના મિત્રો સાથે તે પોતાને ઉચિત રમતો રમવા લાગ્યો. યોગ્ય વય થતાં કળાગુરૂ પાસેથી તેણે બધી ઉપયોગી કળાઓનો અભ્યાસ કર્યો; અનુક્રમે સ્ત્રીઓના વશીકરણરૂપ યૌવનને પામ્યો, એટલે પિતાએ મોટા આનંદ અને મહોત્સવપૂર્વક ચોસઠ કળાયુક્ત પાંચસો કન્યાઓ તેને પરણાવી. એ રીતે ધર્મની પ્રભાવના કરતાં અને પૃથ્વીને પાળતાં સુમિત્ર રાજાએ લાખ વરસ વ્યતીત કર્યાં.

એક દિવસ સુમિત્ર રાજા સભામાં બેઠો હતો, એવામાં વનપાળે આવીને હર્ષ સાથે વિનંતિ કરી કે-" હે સ્વામિન્ ! આજે આપના ઉદ્યાનમાં સુરાસુર તથા મુનિવરોને સેવનીય એવા યશોભદ્ર નામે કેવળી ભગવંત પધાર્યા છે. " તે હકીકત સાંભળીને મેઘની ગર્જના સાંભળી મયૂર હર્ષ પામે તેમ ઉત્કંઠિત થયેલા રાજાએ તેને અપરિમિત દાન આપ્યું. પછી કેવળી મુનીશ્વરના ચરણ-કમળને વંદન કરવા માટે રાજા ગજારૂઢ થઇને પોતાના પરિવાર સહિત ચાલ્યો અને કેવળી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઇ વંદન કરી ધર્માશીષ મેળવીને તે યથાસ્થાને બેઠો. એટલે દંતપ્રભાથી મિશ્ર અધરની કાંતિથી મુક્તા અને વિદ્રુમમિશ્રિત ચૂર્ણના સંગમને દર્શાવતા મુનીશ્વરે ગોક્ષીર સમાન મનોજ્ઞ ગિરાથી ત્રણ લોકને આનંદ ઉપજાવે તેવી ધર્મદેશના આપવી શરૂ કરી.

" હે ભવ્યજનો ! અંતર્મુખી ભાવનો આશ્રય કરી મનોદૃષ્ટિથી બરાબર તપાસીને અસારનો ત્યાગ કરી સારનો સંગ્રહ કરો. આ અસાર સંસારમાં સર્વ જીવોને ચિંતામણિની જેમ અમૂલ્ય અને સારરૂપ મનુષ્યજન્મ પામવો અત્યંત દુર્લભ છે. તેમાં પણ ઉત્તમ કુળ, દીર્ઘ આયુ, આરોગ્ય, પુણ્યેચ્છા અને ગુરૂસંયોગ એ સામગ્રી પામવી વધારે દુર્લભ છે. એવી સામગ્રી મેળવીને જૈન ધર્મનેજ આરાધવો કે જેથી મનોવાંછિત પ્રાપ્ત થાય. કૃતકર્મના વશે પ્રેરાયેલા પ્રાણીઓ વાતપ્રમી ( વાયુરોગી ) ની જેમ ભ્રાંતિથી વૃથા ભવવનમાં ભમતા સતા અનેક પ્રકારના દુઃખ પામે છે. સુખની ભ્રાંતિથી પગલે પગલે દુઃખથી દગ્ધ થયેલા જીવો વાયુથી ઉડેલા પલાશનાં પત્રની જેમ સંસારમાં ભમે છે. ભવોદ્વિગ્ન છતાં કામાર્થી જીવ કલ્પવૃક્ષ સમાન આ લોક અને પરલોકમાં સુખકારી જિનાજ્ઞા પાળી શકતો નથી. " આ પ્રમાણેની દેશના સાંભળીને સુમિત્ર રાજા અંજલિ જોડી બોલ્યો કે-' હે નાથ ! મેં અને પ્રિયંગુમંજરી રાણીએ પૂર્વભવમાં શું સુકૃત કર્યું હતું કે જેથી અમને આવું સામ્રાજ્ય મળ્યું ? વળી વૈરિણીએ અમારી દુર્દશા કયા કર્મથી કરી ? '

ગુરૂ બોલ્યા કે-"સાંભળ હે રાજન્ ! પૂર્વે **સુગ્રામ** નામના ગામમાં **ક્ષેમસાર** નામે કુટુંબી અને તેની **ક્ષેમશ્રી** નામે સ્ત્રી રહેતા હતા. ક્ષેમસારને સોમ, સોહડ, લક્ષ્મ અને ભીમ નામના ચાર પ્રીતિપાત્ર મિત્રો હતા. મુગ્ધ મનવાળા તે પાંચે ખેતી કરતા હતા, મહા આરંભ-પરિગ્રહી હતા અને પશુઓ ચારતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક દિવસે ક્ષેમશ્રીએ કંઇ કામ કરવા દાસીને આદેશ કર્યો, પણ તે કામ તેનાથી ન થયું, તેથી રૂષ્ટમાન થઇને તેણે પતિને જણાવ્યું, તેથી ક્ષેમસારે તેને અંધારા ભોંયરામાં પૂરી દીધી. ત્યાં તે મૂચ્છિત થઇને ત્રીશ મુહૂર્ત્ત રહી. પછી ક્ષેમશ્રીએ રોષ તજી દઇને મનમાં દયા લાવી તેને બહાર કઢાવી, પરંતુ તે દાસી મનમાં બહુજ દુભાતી રહી.

એકદા ભવાની (પાર્વતી) સાથે મહેશ્વરની જેમ ક્ષેમસાર પોતાની સ્ત્રી સાથે ભવનમાં બેઠો હતો. એવામાં વનસ્થ હસ્તીની જેમ અસંસ્કૃત શરીરવાળા, વલ્લી-સહિત વૃક્ષની જેમ જેની નસોની જાળ દેખાય છે એવા, તેજથી રવિની જેમ તપથી દેદિપ્યમાન, ખેડેલા ક્ષેત્રની જમીનની જેમ દેહ ભાગ જેનો સુવ્યક્ત છે એવા કોઇ મુનીશ્વરને માસક્ષપણના પારણે સાક્ષાત્ પુણ્યની જેમ પોતાને ઘરે આવેલા જોઇને વિશુદ્ધાત્મા તે તરત ઉઠ્યો, અને પોતાની સ્ત્રી સહિત તેણે શુદ્ધ આહારથી મુનિને પારણું કરાવ્યું. તે વખતે સુપાત્રદાનથી જાણે પાંચમી ગતિની પ્રાપ્તિ સૂચવતા હોય તેમ ત્યાં પંચ દિવ્ય પ્રગટ થયા. એવામાં ક્ષેમસારના સોમાદિ મિત્રો ત્યાં આવ્યા અને ક્ષેમસારે મુનિને પારણું કરાવેલ જોઇને તેમણે તેની અનુમોદના કરી. પછી પોતાના આત્માને ધન્ય માનતા તે છએ અનુક્રમે આયુ પૂર્ણ કરીને શુભ ધ્યાનથી મરણ પામ્યા. અને સુખાસ્પદ સૌધર્મ દેવલોકમાં દેવ સંબંધી સુખ ભોગવીને તે સર્વે ત્યાંથી આયુ પૂર્ણ થતાં ચ્યવ્યા. તેમાં ક્ષેમસારનો જીવ તું સુમિત્ર (રાજા) થયો, ક્ષેમશ્રીનો જીવ પ્રિયંગુમંજરી નામની તારી રાણી થઇ, અને સોમાદિ મિત્રો પૂર્વ સંબંધના યોગે સૂરાદિક તારા ચાર મિત્રો થયા. હે રાજન્! દાનધર્મના પ્રભાવથી તમને આ સમસ્ત સંપત્તિ પ્રાપ્ત થઇ છે. **ધર્મસેવનથી શું પ્રાપ્ત ન થાય?** ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે, સદા સુખ કરે છે, સજ્જનોને સમૃદ્ધિ આપનાર છે અને કર્મમલને દૂર કરનાર છે, માટે ધર્મરૂપ કલ્પવૃક્ષ સજ્જનોને સદા સેવવા યોગ્ય છે. એ વૃક્ષની દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર શાખા છે અને અનેક પ્રકારના સુખરૂપ ફળને તે આપનાર છે. સુરાસુર અને મનુષ્યની અતૂલ સમૃદ્ધિરૂપ ફળને આપનાર ધર્મકલ્પલતા પ્રયત્નપૂર્વક સેવનિય છે. પેલી દાસીનો દુષ્ટ જીવ બહુ ભવ ભમીને વિજયપુરમાં વૈરિણી નામે ગણિકા થયો. તે પૂર્વજન્મની વૈરિણીએ તમને આ ભવમાં મહા દુઃખ દીધું. 'વૈરી શું ન કરે?'

એ રીતે પોતાના પૂર્વભવનું સમસ્ત સ્વરૂપ કેવળીના મુખથી સાંભળીને છએ જણને જાતિસ્મરણ થયું. એટલે ભગવંતના કહ્યા પ્રમાણે પોતાનું ચરિત્ર જાણીને સંસારથી ભય પામી તે સર્વે ચારિત્ર લેવાને ઉજમાળ થયા. સુમિત્રે કહ્યું કે—'હે ભગવન્! રાજ્યની વ્યવસ્થા કરીને અમારે સત્વર આપની પાસે દીક્ષા લેવી છે.' ગુરૂ બોલ્યા કે—'ઉત્તમ કાર્યમાં તમારે વિલંબ ન કરવો.' પછી ગુરૂને નમીને સુમિત્ર વિગેરેએ સ્વસ્થાને આવી રાજ્યાદિકની વ્યવસ્થા

For Private And Personal Use Only

કરી, ચતુર્ગતિનિષેધક ચતુર્વિધ સંઘની પૂજા કરી, દીન જનોને દાન આપી, પોતાના ઇંદ્રદત્ત નામના પુત્રને બલાત્કારે રાજ્યપર બેસાર્યો. પછી તે દંપતી તથા સૂરાદિ મિત્રોએ કેવલીભગવંત પાસે આવીને સંયમ અંગિકાર કર્યું. બીજા પણ ઘણા લોકોએ સમ્યક્ત્વાદિ વ્રત લીધાં. પછી કેટલાક દિવસ ત્યાંરહીને સર્વ સાધુઓ સહિત ગુરૂમહારાજે અન્યત્ર વિહાર કર્યો.

સૂરાદિક ચાર મુનિઓ તીવ્ર તપ તપી દેવત્વ પામ્યા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ કર્મરહિત થઇને મોક્ષે જશે. રાજા ને રાણી બંને દ્વિધા શિક્ષાને અનુસરતા અને વિવિધ તપ તપતા ગુરૂમહારાજની સાથે વિચરવા લાગ્યા. તેઓ પોતાના પુત્રની પાસે વારંવાર જઇને તેને ધર્મમાં પ્રેરવા લાગ્યા અને વ્યસન-સેવનથી સદા અટકાવવા લાગ્યા. એટલે ગુરૂશિક્ષાથી નિરંતર પોતાના આત્માને કૃતાર્થ માનતો ઇંદ્રદત્ત પણ ધર્મમાં દઢતર થયો. સુમિત્ર રાજર્ષિ અને પ્રિયંગુમંજરી સાધ્વી ખડ્ગધારા સમાન વ્રતને પાળવા લાગ્યા.

એકદા ઇંદ્રે દેવો સમક્ષ તેમના વ્રતસ્થૈર્યની બહુજ પ્રશંસા કરી. તે એક અહંકારી દેવથી સહન થઇ ન શકવાથી તે ત્યાં આવ્યો અને તેમને ચલાયમાન કરવા અનેક પ્રકારના ઉપસર્ગો કર્યા. તથાપિ તે મેરૂની જેમ ચલાયમાન ન થયા. એટલે ચલિત કુંડલયુગળવાળો તે દેવ પ્રગટ થઇ, તેમને ખમાવી, ઇદ્રકૃત પ્રશંસાની હકીકત કહીને સ્વસ્થાને ગયો.

અનુક્રમે ગુરૂની પાસે રહેતા સતા વિનયાદિ ગુણયુક્ત તથા ગીતાર્થશિરોમણિ એવા તે બંને સર્વ આગમના પારગામી થયા. સુધાકરની જેવા અત્યંત સૌમ્ય, મેરૂ પર્વતની જેવા નિશ્ચલ, ભૂમિની જેવા સર્વસહ, સદાચારી, દયાતત્પર, આકાશની જેવા નિરાલંબ, કાચબાની જેવા ગુપ્તેંદ્રિય, અભ્યંતર શત્રુઓને હણનાર અને વૈરાગ્ય રસમાં નિમગ્ન એવા તે બંનેને અનન્ય શુભ ભાવની વૃદ્ધિથી ઘાતિકર્મનો ક્ષય થતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. એટલે દેવતાઓએ એકત્ર થઇને તેનો મહોત્સવ કર્યો. શાસનદેવીએ રચેલા સુવર્ણકમળ પર બેસી સુધા સમાન મધુર ગિરાથી દેશના આપી અને અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી અનુક્રમે ભવોપગ્રાહી ચાર અઘાતી કર્મનો ક્ષય થતાં નિર્વાણપદને પામ્યા.

આ પ્રમાણે સુમિત્ર અને પ્રિયંગુમંજરીનું શ્રેષ્ઠ ચરિત્ર સાંભળીને સુજ્ઞ જનોએ દાનધર્મમાં વિશેષે યત્ન કરવો. એક વાર આપેલા સુપાત્ર દાનના પ્રભાવથી જેમ તે બંને સ્થાને સ્થાને સંકટસાગરને ઓળંગી ગયા, તેમ બીજાઓને પણ અનેક પ્રકારના સંકટમાં દાન એ પરમ આધારરૂપ છે. માટે ભવ્ય જનોએ સદા તેનો અભ્યાસ રાખવો. જેમ સંકટમાં પણ પ્રિયંગુમંજરીએ અખંડ શીલ પાળ્યું તેમ અન્ય સ્ત્રીઓએ પણ ઉજ્વલ શીલ પાળવું. દાસી પર અલ્પ સમય કરેલો કોપ તેમને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવાંતરમાં દુઃખકર થયો, તેમ સમજીને અન્ય જનોએ કોઇના ઉપર કોપ ન કરવો. જેમ તે દંપતીએ તીવ્રપણે ચારિત્રનું આરાધન કર્યું તેમ વિવેકી જનોએ મુક્તિ-સુખ મેળવવા માટે અખંડ વ્રત પાળવા તત્પર થવું.

આ પ્રમાણે શ્રીપાર્શ્વનાથ પ્રભુના પ્રસાદથી વિક્રમ સંવત (૧૦૩૫) ના શ્રાવણ માસની શુક્લ પંચમીને દિવસે વડનગરમાં શ્રી દાનધર્મના પ્રગટ પ્રભાવયુક્ત શ્રી સુમિત્ર રાજાનું શ્રેષ્ઠ ચરિત્ર મેં રચ્યું છે. તે પૃથ્વી પર બહુકાળ પર્યંત જયવંતુ વર્તો.

॥ इति श्रीहर्षकुंजरोपाध्यायविरचिते दानरत्नोपाख्याने सुमित्रचरित्रे गुर्वागमन पूर्वभवप्रकाशन संयमग्रहण मुक्तिसौख्यप्रापणवर्णनो नाम तृतीयः प्रस्तावः ॥ ३ ॥

**श्री सुमित्र चरित्र संपूर्ण.**

# हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન પૃષ્ટ ૨૮૪ થી ).

એક રાજાને એક જન્માંધ પુત્ર હતો, પરંતુ તે સ્વભાવે ઘણો ઉદાર હતો. પોતાની પાસે જે વસ્તુ હોય તે યાચકને આપી દેતો. રાજા તેને વારંવાર નવા આભૂષણ કરાવી દેતા ને તે યાચકને આપી દેતો. તેના આવા દાતારગુણથી મંત્રીનું મન નિરંતર અપ્રસન્ન રહ્યા કરતું હતું. તેથી તેણે રાજાને કહ્યું કે–'આપનો પુત્ર હદ ઉપરાંત દાન આપે છે. આમ આપતા તો ભંડાર પણ ખાલી થઇ જાય.' એટલે રાજાએ તેના નિવારણનો વિચાર કરવાનું કામ તેને સોંપ્યું. અને કહ્યું કે-'જેમ કુમારનું મન ન દુહવાય, યાચકો માગતા રહે અને ભંડાર ખાલી ન થાય એમ કરવું.' મંત્રીએ વિચાર કરીને કુમારને એકાંતમાં બોલાવી કહ્યું કે–"ભંડારમાંથી પૂર્વના અમૂલ્ય આભૂષણો કાઢ્યા છે, તે તમને પહેરવા અપાવું પણ જો તમે કોઇને આપી ન દો તો તે વાત બની શકે. તે આભૂષણો પહેરશો ત્યારે તે લઈ જવા સારૂ તમને યાચકો કહેશે કે–'અરે! રાજકુમાર! તમે આવા લોઢાના આભરણ શું પહેર્યાં છે, ઉતારી નાખો, તમને આવાં આભરણ પહેરવા ઘટે નહીં.' આ બધો તેમનો અમૂલ્ય આભૂષણો લઇ જવાનો પ્રપંચ સમજજો." રાજકુમારે કહ્યું કે–"તમે એ આભૂષણો લાવી આપો, યાચકો જો તેને લોહના કહેશે તો હું તેને લાકડી વતી મારી કાઢીશ–આપીશ નહીં." મંત્રીએ આ પ્રમાણે તેના મનને વ્યુદ્ગ્રાહિત કરીને પછી તદ્દન લોહના આભૂષણો કરાવી તેને પહેરાવ્યા. રાજકુમાર તે આભૂષણો પહે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રી રાજમહેલના દ્વાર પાસે પ્રસન્ન ચિત્તે બેઠો. એટલામાં રાજસેવકો અને યાચકો ત્યાં આવ્યા. તેઓ લોહના આભૂષણો જોઇને બોલ્યા કે-'અરે રાજકુમાર! આવા લોહના આભૂષણો કેમ પહેર્યા છે? આવા આભૂષણો પહેરવા તમને ઘટે નહીં.' આવા શબ્દો સાંભળતાંજ કુમાર લાકડી લઇને ઉઠ્યો અને બે ચાર જણને સખ્ત પ્રહારો કર્યા. એવામાં તેના મિત્રો આવ્યા. તેમણે પણ લોહના આભૂષણો કહ્યા, એટલે તેમની ઉપર પણ લાકડીના પ્રહારો કર્યા. આ પ્રમાણે બીજા ઘણાએ કુમારને સમજાવવા માંડ્યો પણ તે દરેકની સાથે વઢવા લાગ્યો, કોઇનું માન્યું નહીં. કર્તા કહે છે કે સત્પુરૂષ પણ કુપુરૂષના સંગથી કુપુરૂષ થાય છે.

રે રે પરભૃત બાપડા, વાંસહુ વાસ મ દેશ;
આપ ઘસાવે પર દહે, નિગુણા કાહુ કરેશ.
કુબુદ્ધિ કડુઓ લીંબડો, મળિયો આંબા સાથ;
બંબ ધરે રંગ લીંબનો, કોઇ ન ઝાલે હાથ.

આ પ્રમાણે કુમારને પણ કુબુદ્ધિ આપનાર મંત્રી મળી ગયો, તેથી તે સહુને જૂઠા અને એક મંત્રીનેજ સાચો માનવા લાગ્યો. આ પ્રમાણે જે મનુષ્ય પૂર્વ વ્યુદ્‌ગ્રાહિત ચિત્તવાળો હોય તે પણ ધર્મને અયોગ્ય છે તેથી તેને ધર્મ ન કહેવો.

હજારો ઉપદેશ આપ્યા છતાં પણ પ્રતિબોધ ન પામે એવા દૃઢ દુર્બુદ્ધિવાળા મનુષ્યો હોય છે. જુઓ બ્રહ્મદત્તચક્રી ઘણો ઉપદેશ કર્યા છતાં તેને લાગ્યો નહીં. બીજો ઉદાઇરાજાને મારનાર વિનયરત્ન વર્ષો પર્યંત ચારિત્ર પાળ્યા છતાં બુઝ્યો નહીં. રાજલક્ષ્મી હાથીના કાન જેવી ચપળ છતાં અને તેને છોડ્યા શિવાય જો મૃત્યુ પામે તો દુર્ગતિગમનનો પ્રાયે નિશ્ચય છતાં અનેક રાજાઓ તેને મૃત્યુ પર્યંત છાંડી શકતા નથી. જુઓ રાવણ, લક્ષ્મણ, જરાસંધ વિગેરે રાજાઓ તેજ રાજલક્ષ્મીના ઉપભોગમાં આસક્ત રહેવાથી પ્રાંતે નરકે ગયા છે.

ધનના સંબંધમાં પણ અનેક પ્રકારે જીવનું વર્તન હોય છે. જુઓ!

એક અછતું ધન વંછતા, લોહખુરો જિમ ચોર;
આ ભવ વેદન પામીઓ, પરભવ દુઃખ અઘોર.
એક દુઃખી અણભોગવે, રાજગ્રહી ભીખાર;
ચાંપ્યો પથ્થર પાડતાં, પામ્યો નરક અસાર.
એક છતું ધન છંડતાં, સુગતિ તણા ભજનાર;
જંબુસ્વામી તણી પરે, તે નર પામે પાર.
કુપુરૂષ સુપુરૂષને મિલ્યો, નિજમતિ આણે ઠામ;
છંડ્યું દેખી છંડતો, સુખીઓ પ્રભવ સ્વામ.
મણિ માણિક મોતી ભર્યાં, શાળિભદ્ર ઘર સાર;
શિર ઠાકુર જાણી કરી, મૂકયો નિજ પરિવાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાલિભદ્ર સુંદર સુખી, તાપ ખમ્યો નવિ જાય;
દુઃખે દરશું તપ આદર્યું, નવિ ઓળખતી માય.

જગત્‌માં જે સત્પુરૂષો હોય છે, તેને બુઝવવા માટે તો વિશેષ પ્રયાસ કરવો જ પડતો નથી. જુઓ **સનત્કુમાર ચક્રી** દેવતાના માત્ર એક શબ્દથીજ પ્રતિબોધ પામ્યા ને ચારિત્ર અંગીકાર કર્યું.

મહા પાપી પુરૂષો પણ ધર્મના પ્રભાવે પ્રતિબોધ પામે છે. જુઓ સુસમાને મારનાર **ચિલાતીપુત્ર** માત્ર ઉપશમ, વિવેક ને સંવર. એ ત્રણ શબ્દો માત્ર સાંભળવાથી પ્રતિબોધ પામ્યો.

**ઢંઢણકુમારે** અનેક પ્રકારની ઋદ્ધિથી ભરેલું પોતાનું રાજભુવન માત્ર એક વખત નેમિનાથજીની દેશના સાંભળતાંજ વૈરાગ્ય પામીને તજી દીધું, અને પોતાની લબ્ધિએ આહાર ન મળવાથી છ મહિના પર્યંત ક્ષુધા-તૃષા સહન કરીને છ મહિનાની પ્રાંતે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

**કાર્તિકશેઠે** વણિકપણામાં ખરૂં હિત ઓળખ્યું, હિતોપદેશનો મહિમા જાણ્યો, તે હિતોપદેશને અમલમાં મૂકયો. શ્રાવકના બાર વ્રતની આરાધના કરવા ઉપરાંત શ્રાવકની પડિમા પણ વહી, તેમાં પાંચમી કાયોત્સર્ગ પડિમા સો વાર વહી, તેને પરિણામે તે શક્રેંદ્રની ઋદ્ધિ પામ્યા.

**ભરતચક્રી** પૂર્વ ભવમાં કરેલા ધર્મારાધનથી આ ભવમાં મનુષ્યપણામાં ઇંદ્ર જેવી ઋદ્ધિના ભોક્તા થયા. અને અહીં ઉત્કૃષ્ટ ધર્મના આરાધનથી પરમપદ મેળવી અવ્યાબાધ સુખના ભોક્તા થયા.

ધર્મદેશના સાંભળવાથી અજ્ઞાન નાશ પામે છે, સંદેહ ટળે છે, વ્યસન તજાય છે, શુદ્ધ માર્ગ ઓળખાય છે. કષાય મંદ પડે છે, વિનયગુણ પ્રાપ્ત થાય છે, સત્સંગતિ સ્વીકારવા ઇચ્છા થાય છે, કુસંગતિ સ્વતઃ તજી દેવાય છે, સાધુ-શ્રાવકનો ધર્મ યથાર્થ ઓળખાય છે અને તેના આરાધનથી સ્વર્ગ મોક્ષાદિ સુખની પ્રાપ્તિ થાય છે. આ સર્વ ધર્મદેશના વડે લાભ મેળવનારાઓ પૈકી **કુમારપાળ રાજા, થાવચ્ચાપુત્ર, પરદેશી રાજા** વિગેરેના દૃષ્ટાંતો સુપ્રસિદ્ધ છે.

**પરદેશી રાજા** શ્વેતંબિકા નગરીમાં રાજ્ય કરતો હતો. પરંતુ નાસ્તિક હોવા સાથે એવો તો ક્રૂરકર્મી હતો કે જીવને મારીને હાથ પણ ધોતો નહીં. તેને **ચિત્ર** નામે સારથી હતો. તે અન્યદા સાવથ્થી નગરીએ ગયો હતો. ત્યાં તેને **કેશી ગણધરનો** યોગ થયો. તેમની દેશના સાંભળીને તેણે સમકિત ગ્રહણ કર્યું. પછી ગુરૂ મહારાજને વિનંતિ કરી કે 'આપ શ્વેતાંબિકા નગરીએ પધારજો. આપની વાણીથી અમારો રાજા પ્રતિબોધ પામશે તો આપને પરમ લાભ થશે.' કેશી ગણધરે તે વાત સ્વીકારી. અનુક્રમે તેઓ શ્વેતાંબિકા પધાર્યા. ચિત્ર સારથી અશ્વક્રિડા નિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિત્તે પરદેશી રાજાને જ્યાં કેશી ગણધર સમવસર્યા હતા તે બાજુ લઇ ગયો. પરદેશી રાજાએ તેમને દીઠા, એટલે તેમની પાસે આવી ગર્વ ધરીને કહેવા લાગ્યો કે:—

'અરે મૂઢ ! આ શું કરો છો ? શામાટે વનમાં રહો છો ને કષ્ટ સહો છો ? તમે ધર્મ ધર્મ કરો છો પણ આ દુનિયામાં ધર્મ એ વસ્તુજ નથી. ફોગટ ભ્રમમાં પડ્યા છો. સાંભળો ! મારી માતા શ્રાવિકા હતી ને મારા પિતા નાસ્તિક હતા. પુણ્ય પાપ કાંઇ માનતા નહોતા. તે બંનેને મેં કહ્યું હતું કે જો પુણ્ય પાપનું ફળ તમને મળે તો મને કહેવા આવજો, પણ તે બંનેમાંથી એકે આવ્યા નહીં.

વળી જીવ એવી વસ્તુ પણ કાંઇ છે નહીં. મેં એક ચોરના તલ તલ જેવડા કકડા કર્યા પણ તેમાંથી જીવ નીકળ્યો નહીં. એક પુરૂષને જીવતાં તોળ્યો અને મારી નાખીને તરતજ તોળ્યો તો સરખો તોલ થયો. તેમાંથી જીવ ગયો હોય તો તોલ ઘટે કે નહીં ? એક માણસને એક મોટા ઠામમાં પૂરી તેનું મોઢું છાંદી લીધું. તે માણસ મરી ગયો, તેના શરીરમાં કીડા પડ્યા પણ તેમાં જીવ જડ્યો નહીં. વળી જો તેમાંથી માણસનો જીવ નીકળ્યો હોય અને કીડાના જીવ પેઠા હોય તો છીદ્ર પડવા જોઇએ તેવું કાંઇ થયું નહીં તેથી ખાત્રી થઇ કે જીવ છેજ નહીં."

ગુરૂ મહારાજે તેને ક્રમસર ઉત્તર આપ્યો કે–'તારી સ્ત્રી સાથે કોઇ માણસે વ્યભિચાર કર્યો હોય, તે પકડાય, પછી તે કહે કે મને મૂકો તો હું તેને મૂકે.' રાજા કહે––મૂકું તો શેનો પણ જોતાંજ ઠાર કરૂં.' ગુરૂ કહે–'એ રીતે જેમ તારે વશ પડેલો માણસ છુટી શકે નહીં, તેમ કર્મવશ નરકમાં જઇને ઉત્પન્ન થયેલો તારો પિતા પરમાધામીઓથી છુટી શકે નહીં કે જેથી તે તને પાપનું ફળ કહેવા આવે.'

'કોઈ માણસ ન્હાઇ ધોઇ, પવિત્ર વસ્ત્ર પહેરી, કેશર ચંદનાદિ પૂજન સામગ્રી લઇ દેવપૂજા કરવા જતો હોય, તેને કોઇ ઢેઢ પોતાને મળવા બોલાવે તો તે જાય ?' રાજા કહે–'ન જાય.' ગુરૂ કહે કે–'તેમ પુણ્ય કરીને સ્વર્ગમાં ઉપજેલી તારી માતા આ મનુષ્ય લોકનો દુર્ગંધ ૫૦૦ યોજન ઉંચો ઉછળે છે તેમાં કેમ આવે ?'

'અરણીના કાષ્ટમાં અગ્નિ છે પણ તે તેના કકડા કરી નાખવાથી ન નીકળે, એ કાષ્ટ ઘસવાથી નીકળે; તેમ આ દેહમાં જીવ છે પણ તે અરૂપી હોવાથી નજરે ન દેખાય, તેના ચેતના લક્ષણથી તેને ઓળખી શકાય.'

'એક દડામાં પવન ભર્યો હોય તો તેને પવન સાથે અને પવન કાઢી નાખ્યા પછી તોળતાં વજનમાં ફેર ન પડે તેમ જીવ માટે પણ સમજવું.'

'એક મોટા ગઢવામાં એક માણસને શંખ દઇને પૂરીએ, તે તેમાં રહીને શંખ વગાડે, તો તે આપણને સંભળાય, પણ ગઢવામાં કાંઇ છીદ્ર પડે નહીં. તો એવો રૂપી શબ્દ પણ જો દેખાય નહીં તો અરૂપી જીવ કેમ દેખાય ?'

For Private And Personal Use Only

આટલા દૃષ્ટાંતો ઉપરથી હે પરદેશી રાજા ! તું માન કે જીવ છે, પુણ્ય પાપ છે, તેનાં ફળ મળે છે, સ્વર્ગ નરક છે અને મોક્ષ પણ છે." આ પ્રમાણે સમજાવવાથી પરદેશી રાજા પ્રતિબોધ પામ્યો અને તેણે સમ્યકત્વ સહિત શ્રાવક ધર્મ અંગિકાર કર્યો.

અપૂર્ણ.

## અગ્યારમી જૈન શ્વેતાંબર કોન્ફરેન્સ કલકત્તા ખાતે મળી તે વખતે જૈન વિભાગને અંગે બનારસ હિન્દુ યુનિવર્સીટી માટે થયેલ ફંડ.

| | | | |
|---|---|---|---|
| ૧૨૫૦૦ | શેઠ | ખેતસી ભાઇ ખીયસી | મુંબઇ. |
| ૭૫૦૦ | ,, | હુલાસચંદજી નીહાલચંદજી કલકતા ૫૦૦૦) ફંડમાં ૨૫૦૦) ચાંદ આપવા માટે. | |
| ૫૧૦૧ | ,, | ઇંદરચંદજી પુરણચંદજી પાનાચંદજી નાહટા. | કલકત્તા. |
| ૫૦૦૧ | ,, | રાજા બીજયસિંહજી દુધેડીયા. | કલકત્તા. |
| ૪૦૦૦ | ,, | કુમારસિંહજીનાહાર સ્કોલરશીપ માટે | ,, |
| ૩૧૦૦ | ,, | સુખરાજરાય | ભાગળપોર |
| ૨૫૦૧ | સૌ. | બાઇ વીરબાઇ શેઠ. ખેતશી ખીઅશીના પત્ની. | મુંબઇ. |
| ૨૫૦૦ | શેઠ. | રામચંદ જેઠાભાઇ | કલકત્તા |
| ૧૦૦૧ | ,, | માણેકજી જેઠાભાઇ | ,, |
| ૧૦૦૧ | ,, | સુગનચંદજી રૂપચંદજી | ,, |
| ૧૦૦૧ | ,, | જમનાદાસ મુરારજી | મુંબઇ |
| ૧૦૦૧ | ,, | નાગજીભાઇ ગણપત | કલકત્તા |
| ૧૦૦૧ | ,, | વેલજી શીવજી | ,, |
| ૧૦૦૧ | ,, | મોતીલાલ મુળજી | મુંબઇ |
| ૧૦૦૧ | ,, | શમીરમલજી સુરાણા | કલકત્તા |
| ૧૦૦૧ | ,, | દેવકરણ મુલજી | મુંબઇ |
| ૧૦૦૧ | ,, | પ્રેમચંદ રતનજી | ,, |
| ૧૦૦૧ | ,, | રતનજી જીવણદાસ | ,, |
| ૧૦૦૧ | ,, | આણંદજી પુરૂષોતમ. | ભાવનગર. |
| ૧૦૦૧ | ,, | ઇંદરચંદજી રણજીતસિંહજી દુધેડીયા | કલકતા |
| ૭૫૧ | ,, | પારુભાઇ પરબત. | ,, |
| ૭૫૧ | ,, | કેશવજી એન્ડ કુંપની | ,, |
| ૭૫૧ | ,, | મુલજી લખમશી વરાઇ | ,, |
| ૭૫૧ | ,, | કાનજી રતનશી | ,, |
| ૭૫૧ | ,, | તેજુભાઇ કાયા | ,, |
| ૭૫૧ | ,, | મુલજી ધારશી | રંગુન |
| ૭૫૧ | ,, | ઉમરશી રાયશી. | કલકત્તા. |
| ૭૫૧ | ,, | હીરાલાલ અમૃતલાલ | મુંબઇ |
| ૭૫૧ | ,, | હીરજી નેનશી | ,, |
| ૫૫૧ | ,, | અમરચંદજી બોથરા બાલુચરવાલા | |
| ૫૦૧ | ,, | પુંનાલાલજી બનારશીદાસજી. | |
| ૫૦૧ | ,, | લખમીચંદજી. એ. સીપાની. | કલકત્તા |
| ૫૦૧ | ,, | વાડીલાલ મોતીલાલ શાહ. | મુંબઇ. |
| ૫૦૧ | ,, | કાલીદાસ જસરાજ. મહેતા. | જરીયા. |
| ૫૦૧ | ,, | ટોકરશી મુલજી | રંગુન. |
| ૫૦૧ | ,, | અમુલખ દેવચંદ | કલકત્તા |
| ૬૦૧ | ,, | મનસુખભાઇ દોલતચંદ | રંગુન |
| ૫૦૧ | ,, | કરમચંદ ડોશાભાઇ | |
| ૫૦૧ | ,, | બાબુ સુનીલાલ હીરાલાલજી શ્રીમાલ. | કલકત્તા. |
| ૫૦૧ | ,, | સરવસુખજી પુરનચંદજી કોઠારી | |
| ૫૦૧ | ,, | રાવતમલજી ભેરૂદાસજી. કોઠારી. | બીકાનેર. |
| ૫૦૧ | શેઠ | દેવકરણ ગોકળદાસ. | કલકત્તા. |
| ૫૦૧ | ,, | ગણેશદાસ ખેમચંદ. | ,, |
| ૫૦૧ | ,, | વેલાભાઇ ગતશી. | |
| ૫૦૧ | ,, | પ્રેમજી નાગરદાસ. | |
| ૫૦૧ | ,, | ટોકરશી કાનજી. | |
| ૫૦૧ | ,, | લખમશી ખેતશી. | |
| ૫૦૧ | ,, | ખેઅશી મુધા. | |
| ૫૦૧ | ,, | લાલજી ઠાકરશી. | |
| ૫૦૧ | ,, | હીરજી કાનજી. | |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૦૧ ,, માધવજી ધારશી
૫૦૧ ,, મનસુખલાલ રવજી C/o છગનલાલ મનસુખલાલની કું. ૫૧ પારસીગલી મુંબઇ.
૫૮૧ ,, કેસરીચંદજી જાલમસિંહજી.
૫૦૦ ,, ચુનીલાલ ચુનીલાલ.
૫૦૦ ,, સરૂપચંદ પુનમચંદ કોઠારી.
૨૫૧ ,, રવજી રાઘવજી.
૨૫૧ ,, પુનશી દેવશી.
૨૫૧ ,, ધનજી કાનજી હા. મનજી ખીમજી.
૨૫૧ ,, લાલજી રામજી.
૨૫૧ ,, વીરચંદ કીશાજી. પુના
૨૫૧ ,, જગશી ખીમજી.
૨૫૧ ,, લાલજી હરસીંગ.
૨૫૧ ,, વલભજી હીરજી. કલકત્તા.
૨૫૧ ,, જેઠાભાઇ મલજી,
૨૫૧ ,, દામજી દેવશી. મુંબઇ.
૨૫૧ ,, દેવજી ખેયશી નાગડા. ,,
૨૫૧ ,, દેવજી રાયશી. ,,
૨૫૧ ,, સોમચંદ ધારશી. ,,
૨૫૧ ,, કલ્યાણચંદ સોભાગ્યચંદ. ,,
૨૫૧ ,, મોહનલાલ હેમચંદ. ,,
૨૫૧ ,, ચુનાલાલજી ફતેહચંદજી.
૨૫૧ ,, કુંદનમલજી કપુરચંદજી ઘીયા. મુંબઇ
૨૫૧ ,, ઇંદરજી સુંદરજી. કલકત્તા.
૨૫૧ ,, નાગજી ખીમજી.
૨૫૧ બાબુ ચુનીલાલજી નહાર લખનૌવાલા.
૨૦૧ શેઠ લાલજી ડુંગરશી.
૨૦૧ ,, હીરાલાલજી અમોચંદજી બીકાનેરવાલા
૨૦૧ ,, મોહનલાલ મગનભાઇ જવેરી. મુંબઇ
૨૦૧ ,, માણેકચંદજી સાયાણમલજી મોનરાજ
૨૦૦ ,, મણીલાલ સુરજમલની કું. મુંબઇ
૧૫૨ ,, ભાણજી મુળજી.
૧૫૧ ,, ઇંદુજી ભીખાજી મદ્રાસવાલા
૧૫૧ ,, ચાંપશી પરબત.
૧૦૧ ,, પ્રાણજીવનદાસ પરશોત્તમદાસ રાયબંદરવાલા. ભાવનગર.
૧૦૧ દોશી અંદરજી લાલજી.
૧૦૧ શેઠ વીરચંદ નાનચંદ.
૧૦૧ ,, લખમીચંદ શામજી.
૧૦૧ ,, તુલશી રાયશી.
૧૦૧ ,, અંબાલાલ ધરમચંદ.
૧૦૧ લાઠીયા હકમચંદ ધારશી.
૧૦૧ શેઠ નગીનદાસ પુનમચંદ નાણાવટી. પેથાપુર.
૧૦૧ ,, લલ્લુભાઇ કરમચંદ. મુંબઇ.
૧૦૧ ,, મનશી લખમશી. ,,
૧૦૧ ,, કેશવજી મુલજી.
૧૦૧ ,, પોપટલાલ ડાકરશી. વઢવાણ કેમ્પ.
૧૦૧ ,, હરગોવીંદ ડાહ્યાભાઇ.
૧૦૧ ,, માણેકચંદજી ચુનીલાલજી.
૧૦૧ ,, ભગવાનદાસજી હીરાલાલજી.
૧૦૧ ,, કસ્તુરચંદજી હીરાલાલજી.
૫૧ ,, ફુલચંદ મુલચંદ પારેખ.
૫૧ ,, વીરાજી માણેકચંદજી મદ્રાસવાલા. કલકત્તા.
૫૧ ,, ભગાજી ચીમનીરામજી. ,,
૫૧ ,, ભેરૂજી છોગાલાલજી મદ્રાસવાલા. ,,
૫૧ ,, હેમચંદ સોમચંદ.
૫૧ ,, દામજી માવજી.
૫૧ ,, વીરજી ગંગાજી. મુંબઇ.
૫૧ ,, કાળુમલ પાલામલ.
૫૧ ,, કીસ્તુરચંદજી કોચર.
૫૧ ,, કાળુમલ લાલમલ.
૫૧ ,, નારણજી ડુંગરશીની વીધવા બાઇ જેઠીબાઇ.
૫૧ ,, છગરાજ કચરા.
૨૫ ,, ધનજી ગોવીંદજી ચાલીસગામવાલા.
૨૫ ,, જેઠાભાઇ આણંદજી.
૨૫ ,, લાલજીમલ પ્રતાપચંદ.
૨૫ ,, વસનજી મુલજી.
૨૫ ,, દેવજી મુળજી શાહ.
૨૫ ,, કેશાજી કસ્તુરચંદજી. કલકત્તા

For Private And Personal Use Only